Nirukta - ek adhayan.

નિરુકત - એક અધ્યયન

અરૂણચંદ્ર દે. શાસ્ત્રી

એમ. એ., પી. એચ. ડી.

सं पूषन् विदुषा नय ॥

Gandhi Vidyabhavan Surat

ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સૂરત

પ્રકાશક :
ડૉ. જયન્ત પાઠક.,
અધ્યક્ષ, ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સૂરત.

PH
294.592 1
Sh11 N
Gujarati

સર્વ હક્ક લેખકને સ્વાધીન.

બીજી આવૃત્તિ, ૧૯૬૮
મૂલ્ય : એક રૂપિયો

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 40642
1.8.72

Library IIAS, Shimla
PH 294.592 1 Sh 11 N
00040642

મુદ્રક : ડાહ્યાભાઈ કાલિદાસ મોદી
"અરુણ" પ્રિન્ટીંગ પ્રેસ
વીરમગામી મહોલ્લો, બેગમપુરા, સુરત

નિવેદન

ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન વાર્ષિકના અંક ૮–૯માં પ્રસિદ્ધ થયેલો આ લેખ વિદ્યાર્થીઓને ઉપયોગી થશે એ આશાએ જુદી પુસ્તિકારૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ અને અધ્યાપકમિત્રોએ એને ઘણો સારો આવકાર આપ્યો હોવાથી એનું પુનર્મુદ્રણ કરવાની આવશ્યકતા ઊભી થઈ, તે અનુસાર એનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું છે.

પુનર્મુદ્રણ કરવા માટે ચૂનીલાલ ગાંધી વિદ્યાભવનના અધિકારીઓનો આભાર માનું છું.

સપ્ટેમ્બર, ૧૯૬૮ — અ. દે. શાસ્ત્રી

સૂરત

નિરુક્ત—એક અધ્યયન

(૧) નિરુક્ત અને વેદાંગો :

આચાર્ય યાસ્ક નિરુક્તમાં વેદાંગોનો ઉલ્લેખ આ પ્રમાણે કરે છે ;

साक्षात्कृतधर्माण ऋषयो बभूवुस्तेऽपरेभ्योऽसाक्षात्कृतधर्मभ्य उपदेशेन मन्त्रान्संप्राहुरुपदेशाय ग्लायन्तोऽवरे बिल्मग्रहणायेमं ग्रन्थं समाम्नासिषुर्वेदञ्च वेदाङ्गानि च।

(નિ. ૧-૨૦)

અહીં યાસ્ક 'આ ગ્રન્થ', વેદ અને વેદાંગોની પૂર્વભૂમિકા ત્રણ તબક્કાઓમાં સમજાવે છેઃ

૧. કેટલાક એવા ઋષિઓ થઈ ગયા જેમણે ધર્મને સાક્ષાત્ કર્યો હતો અર્થાત્ જેઓ આપોઆપ ધર્મ જાણી શકતા હતા. આ બધા ધર્મનું દર્શન કરનારા ઋષિઓ હતા.

૨. ત્યાર પછીના ઋષિઓ ધર્મનું સાક્ષાત્ દર્શન કરી શકતા ન હોવાથી સાક્ષાત્ દર્શન કરનારા ઋષિઓએ તેમને ઉપદેશ દ્વારા મન્ત્રોનું પ્રદાન કર્યું જેથી તેઓ શ્રવણ કરીને ધર્મ પ્રાપ્ત કરી શકે.

૩. આ રીતે શ્રવણ કરનાર ઋષિઓએ જોયું કે પશ્ચાત્કાલીન મનુષ્યો ઉપદેશ ગ્રહણ કરી શકશે નહિ. આથી તેમના પર અનુકમ્પા લાવીને તેમણે 'આ ગ્રન્થ', વેદ અને વેદાંગનો સંગ્રહ કર્યો.

આ અવતરણ અંગે નીચેની કેટલીક બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે :

૧. અહીં યાસ્ક '**समम्नासिषुः**' એવો શબ્દ વાપરે છે. આપ્ટેના શબ્દકોષમાં **सम + आ + म्ना**નો અર્થ આ પ્રમાણે આપેલો છે. "1. to repeat. 2 to lay down, prescribe." **समाम्नासिषुः**નો અર્થ 'રચના કરવામાં આવી' એવો કરવો યોગ્ય નથી. પણ 'સંગ્રહ કરવામાં આવ્યો' એવો અર્થ લેવો જોઈએ. આમ ત્રીજા તબક્કામાં વેદ, વેદાંગોનો સંગ્રહ કરવામાં આવ્યો, અહીં વેદ એટલે સંહિતાઓ અને વેદાંગો એ બન્ને સાથે જ મૂકવામાં આવ્યાં છે એ ધ્યાનમાં રાખવા જેવું છે.

૨. '**इमं ग्रन्थम्**' એ દ્વારા યાસ્ક નિઘંટુનો ઉલ્લેખ કરે છે, પણ એને વેદાંગોથી જુદો પાડીને નોંધ કરે છે. '**वेदाङ्गानि**' સમજાવતાં દુર્ગાચાર્ય **इतराणि** એમ જણાવે છે. આપણે એમ સમજી શકીએ કે નિઘંટુ પર ભાષ્ય કરતા હોવાથી યાસ્ક બીજાં વેદાંગોથી આને જુદું પાડે છે; જોકે **वेदाङ्गानि** અને **इमं ग्रन्थम्** એ એનો નિર્દેશ જુદો કરવામાં આવ્યો છે એ વાત ધ્યાનમાં રાખવા જેવી તો છે જ.

વેદાંગો વેદના અભ્યાસને માટે સહાયકારક શાસ્ત્રો છે. આજે આપણે જેને વેદાંગો કહીએ છીએ તે ગ્રન્થો ઉપરના અવતરણમાં આપણે સમજવાના નથી એ તો સ્વાભાવિક છે. આજે તો આપણે પાણિનીની અષ્ટાધ્યાયીને પણ વેદાંગવ્યાકરણના ગ્રન્થ તરીકે ગણીએ છીએ. પણ અષ્ટાધ્યાયીમાં પ્રશિષ્ટ સંસ્કૃત વ્યાકરણનું પ્રાધાન્ય છે, વૈદિક વ્યાકરણનું નથી. ઉપરાંત સામાન્ય રીતે વિદ્વાનો એમ માને છે કે પાણિનિ યાસ્કના અનુગામી છે, પુરોગામી નહિ.

આવી જ સ્થિતિ બધા વેદાંગ ગ્રન્થોની છે, એટલે આજે આપણે જે ગ્રન્થોને વેદાંગો કહીએ છીએ તેમનો ઉલ્લેખ યાસ્ક અહીં કરે છે એમ માની શકાય એવું નથી. તો પછી યાસ્ક વેદાંગ સાહિત્યથી કયા ગ્રન્થોનો ઉલ્લેખ કરતા હશે એ વિચારવા જેવું છે. નિરુક્તને આધારે આપણે કહી શકીએ કે યાસ્કે શાકલ્યનો પદપાઠ, કાઠક અને હારિદ્રવક જેવાં કલ્પસૂત્રો, પ્રાતિશાખ્યોના સ્વરૂપના ગ્રન્થો તેમ જ પિંગળ અંગેના કેટલાક ગ્રન્થોનો અભ્યાસ કર્યો હશે. અર્થાત્ એમના સમય પહેલાં આવાં ગ્રન્થો રચાયા હોવાનો સંભવ છે. આ ઉપરાંત ગાર્ગ્ય આદિ વૈયાકરણો, ઔપમન્યવ, શાકપૂણિ આદિ નૈરુકતો, ઐતિહાસિકો, યાજ્ઞિકો વગેરેનો ઉલ્લેખ થયો છે, અને તેથી એ લેખકોની બધી રચનાઓની પણ એમને ખબર હશે એમ કહી શકાય. આ બધું જોતાં એમ લાગે છે કે યાસ્ક જાતે વેદાંગ શબ્દનો અર્થ ઘણો વિશાળ કરતા હશે. એ શબ્દ દ્વારા માત્ર અમુક ચોક્કસ ગ્રન્થો એઓ સમજતા હોય એમ માનવું યોગ્ય નથી. આમ વેદાંગ એટલે સામાન્ય રીતે જે કાંઈ અધ્યયન–જે કોઈ શાસ્ત્ર વેદના અધ્યયનમાં સહાયક થઈ પડે, વેદનું અંગભૂત બને તે એવો સામાન્ય અર્થ અહીં કરવો જોઈએ. આપણે ઉપર જોયું કે યાસ્ક વેદ અને વેદાંગ બન્નેના સંગ્રહના ત્રીજા તબક્કામાં એ બન્નેને સાથે જ મૂકે છે. આ પરથી એક અગત્યનો મુદ્દો એ ફલિત થાય છે કે પ્રાચીન કાળથી એટલે કે મન્ત્રદર્શન કે મન્ત્રશ્રવણના સમયથી જ એ મન્ત્રોને સમજવા માટે અમુક પરંપરાગત સિદ્ધાન્તો પણ નક્કી કરવામાં આવ્યા હોય એ સંભવિત છે અને પાછળથી જ્યારે વેદમન્ત્રોને સંહિતાનું સ્વરૂપ આપવામાં આવ્યું તે વખતે સિદ્ધાન્તોને પણ અમુક વ્યવસ્થિત સ્વરૂપ આપવામાં આવ્યું હોય અને વેદાંગ એવું નામ આપવામાં આવ્યું હોય એમ માનવું ખોટું નથી. સંહિતાની રચના પછી વેદાંગોનો ઉદ્ભવ થયો એમ માનવાને બદલે એ બન્નેની રચના–પ્રક્રિયા સાથે જ ચાલુ હતી એમ માનવું યોગ્ય છે.

એક પ્રશ્ન એ પણ વિચારી લેવો જોઈએ કે નિરુક્તનું વેદાંગ સાહિત્યમાં શું સ્થાન છે. નિરુક્તનાં પ્રયોજનો સમજાવતાં યાસ્ક નીચેના મુદ્દાઓ આપે છે:

૧. નિરુક્તના જ્ઞાન વગર મન્ત્રોમાં અર્થનું જ્ઞાન થઈ શકે નહિ. અર્થના જ્ઞાન વગર મન્ત્રોના સ્વરાદિ તથા વ્યાકરણવિષયક સંસ્કાર જાણી શકાય એમ નથી. આમ હોવાથી નિરુક્ત વ્યાકરણનું પૂરક છે. યાસ્કના શબ્દોમાં કહીએ તો–**अथापीदमन्तरेण मन्त्रेष्वर्थप्रत्ययो न विद्यतेऽर्थमप्रतीयतो नात्यन्तं स्वरसंस्कारोद्देशस्तदिदं विद्यास्थानं व्याकरणस्य कार्त्स्न्यं स्वार्थसाधकञ्च ।** છેલ્લા શબ્દ દ્વારા યાસ્ક કહે છે કે નિરુક્ત વ્યાકરણનું પૂરક શાસ્ત્ર છે. એટલું જ માત્ર નથી પણ સ્વતંત્ર રીતે પણ ઉપયોગી છે.

૨. નિરુક્તના અભ્યાસ વગર પદવિભાગ થઈ શકતો નથી. પદપાઠ કરતી વખતે અવગ્રહ ક્યાં મૂકવો, સન્ધિનો વિગ્રહ કેમ કરવો વગેરે જાણવા માટે નિરુક્ત આવશ્યક છે.

૩. યજ્ઞક્રિયામાં અમુક મંત્રમાં કયા દેવતાનું સ્તવન કરવામાં આવ્યું છે તે જાણવા માટે પણ નિરુક્ત જરૂરી છે. દેવતાઓના લિંગજ્ઞાન પરથી મંત્રમાં કયા દેવતા છે તે ચોક્કસપણે નિશ્ચિત થઈ શકે નહિ; આને માટે અર્થજ્ઞાન આવશ્યક છે અને તે નિરુક્ત દ્વારા પ્રાપ્ત થઈ શકે.

૪. સામાન્ય રીતે જ્ઞાનની પ્રશંસા કરવામાં આવી છે અને અજ્ઞાનની નિન્દા કરવામાં આવે છે. યાસ્ક એના સમર્થનમાં કેટલાક શ્લોકો ટાંકે છે જેમાં જણાવ્યા મુજબ જે વેદનું અધ્યયન કરીને એનો અર્થ નથી જાણતો તે માત્ર મૂર્ખ ભારવાહક છે,

ઉપરનાં પ્રયોજનો જોતાં એક મુખ્ય બાબત સ્પષ્ટ થાય છે કે નિરુક્ત મંત્રોનો અર્થ જાણવા માટે આવશ્યક છે. પદવિભાગ જાણવો હોય કે મંત્રના દેવતા વિશે નિશ્ચય કરવો હોય કે પછી વ્યાકરણના નિયમો અનુસાર અમુક શબ્દોના સ્વર કે સંસ્કાર જાણવા હોય તો તે બધાને જ માટે વેદના મંત્રોનો અર્થ જાણવો પડે અને તેને માટે નિરુક્ત જરૂરી છે. આમ અર્થજ્ઞાન નિરુક્તનો મુખ્ય ઉદ્દેશ છે, બીજાં બધાં પ્રયોજનો આનુષંગિક છે. જ્ઞાનપ્રશંસામાં વેદનું અર્થજ્ઞાન એ જ મુખ્ય છે, મંત્રોને ગોખી કાઢવા એ નહિ એના પર જ ભાર મૂકયો છે. આમ નિરુક્તનું સ્થાન વેદાંગોમાં ઘણું મહત્ત્વનું છે કારણ કે વેદમંત્રોનો અર્થ જાણવા માટે એની આવશ્યકતા છે. દુર્ગાચાર્ય આ જ કારણે નિરુક્તને બધા વેદાંગોમાં મુખ્ય સ્થાન આપે છે. દુર્ગાચાર્ય કહે છેઃ—**प्रधानञ्चेदमितरेभ्योऽङ्गेभ्यः सर्वशास्त्रेभ्यश्चार्थपरिज्ञानाभिनिवेशात् । अर्थो हि प्रधानम् । तद्गुणः शब्दः । स चेतरेषु व्याकरणादिषु चिन्त्यते ।** ... વગેરે (ભૂમિકા).

(૨) નિઘંટુ :

નિરુક્ત નિઘંટુ પરની ટીકા છે. દુર્ગાચાર્ય નિરુક્તને ભાષ્ય કહે છે. પોતાની ટીકાના આરંભમાં દુર્ગાચાર્ય કહે છે—**अयञ्च तस्या द्वादशाध्यायी भाष्यविस्तरः ।** આમ નિઘંટુનો ૧૨ અધ્યાયમાં ભાષ્યવિસ્તાર તે નિરુક્ત. દુર્ગાચાર્ય પોતાની રચનાને ટીકા કહે છે. દુર્ગની વૃત્તિની પુસ્તિકાઓમાં **इति निरुक्तटीकायां जम्बूमार्गाश्रमवासिन आचार्यभगवद्दुर्गस्य कृतौ...अध्यायः समाप्तः ।** એમ લખાણ છે. આમ નિઘંટુ એ મૂલગ્રંથ છે.

નિઘંટુ એક શબ્દસમૂહોનો સમૂહ છે—એક શબ્દકોષ છે એમ કહી શકાય. એમાં પાંચ અધ્યાયો અને ત્રણ કાંડો આ પ્રમાણે છે :

કાંડ	અધ્યાય	વિષય	શબ્દ સંખ્યા
૧. नैघण्टुककाण्ड	૧–૩	સમાનાર્થક શબ્દો	૧૩૩૮
૨. नैगमकाण्ड	૪	અનેકાર્થક શબ્દો	૨૭૯
૩. दैवतकाण्ड	૫	દેવતાઓ	૧૫૧
			કુલ ૧૭૬૮

(**નોંધ :** અહીં આપેલી શબ્દસંખ્યા રોથના સંપાદન અનુસાર બૃહત્પાઠની છે.)

અહીં ઘણી વખત શબ્દસમૂહની ગોઠવણીમાં કોઈક શાસ્ત્રીય વ્યવસ્થા છે એમ કહેવું મુશ્કેલ થઈ પડે. આમ છતાં એ તો સ્પષ્ટ થાય છે કે વેદના શબ્દોને અમુક ચોક્કસ પદ્ધતિનો આશ્રય લઈને અમુક ક્રમમાં ગોઠવવામાં આવ્યા છે. નૈઘંટુકકાંડમાં જે સમાનાર્થક શબ્દોના સમૂહો આપવામાં આવ્યા છે તેમાં બધામાં શરૂઆતમાં મુશ્કેલ શબ્દો આપ્યા પછી અંતે પ્રચલિત શબ્દો આપવામાં આવ્યા છે, જેમ કે **इत्येकविंशतिः पृथिवीनामधेयानि ।** આમ દરેક શબ્દસમૂહને અન્તે જાણીતો શબ્દ આપીને શબ્દસમૂહમાંના બધા જ શબ્દોનો અર્થ આપ્યો છે એમ કહી શકાય. નૈગમકાંડમાં આવો કોઈ અર્થ આપવામાં આવતો નથી તેમ જ એમાં કોઈ ચોક્કસ વ્યવસ્થા છે કે કેમ તે કહેવું મુશ્કેલ છે. દૈવતકાંડમાં સ્થાન અનુસાર વર્ગીકરણ કરવામાં આવ્યું છે. નૈઘંટુકકાંડના ત્રણ અધ્યાયોમાં પણ અમુક પધ્ધતિ અપનાવવામાં

આવી છે એમ કહી શકાય. પ્રથમ અધ્યાયમાં પૃથ્વી, વાયુ વગેરે ભૌતિક પદાર્થો અંગેના શબ્દો છે. બીજા અધ્યાયમાં મનુષ્ય અને તેનાં જુદાં જુદાં અંગો ઉપરાંત મનુષ્ય સાથે સંબંધ ધરાવતા ગુણો અને વસ્તુઓ જેવી કે સમૃદ્ધિ, ક્રોધ, યુદ્ધ વગેરેના શબ્દો છે. ત્રીજા અધ્યાયમાં ગુરુત્વ, લઘુત્વ એવા અર્થના ભાવવાચક શબ્દો છે.

ઉપર આપણે નિઘંટુ વિશે સામાન્ય માહિતી જાણી પછી નિઘંટુના સ્વરૂપ અંગે પ્રશ્ન ઊભો થાય છે. પ્રો. લક્ષ્મણ સ્વરૂપ જણાવે છે : " The compilation of the निघण्टु is the earliest known attempt in laxicography. In India, it marks the beginning of the कोश literature, and later कोशs have sometimes been called निघण्टुs. The निघण्टु contains only a small number of the words of the ऋग्वेद, and as it does not contain any explanations of the words collected, in Sanskrit or in any other language, the modern term 'Dictionary' cannot be applied to it, although the कोशs can be so called. It should rather be called a vocabulary which is a book 'containing a collection of words of a language, dialect or subject'—when the words are few in number, being, only a small part of those belonging to the subject, or when they are given without explanation or some only are explained, or explanations are partial." શ્રી સ્વરૂપની માન્યતા પ્રમાણે નિઘંટુ એ dictionary નહિ પણ vocabulary છે. એને શબ્દકોશ કહી શકાય પણ સાર્થ નહિ; એથી પણ આગળ જઈને એને માત્ર શબ્દસંગ્રહ કહેવો જોઈએ.

શ્રી. સ્કોલ્ડ બીજા સંદર્ભમાં ચર્ચા કરતાં જણાવે છે : " A vocabulary is not in itself an explanatlon. Is it not? Well, that is the question. Certainly it is, as far as the निघण्टव: proper, i.e. the नैघण्टुक काण्ड, are concerned; for each paragraph groups together a certain number of words, whose meanings are identical, and the meaning is given at the end of the paragraph with a more current Old Indian Word" (The Nirukta p. 113).

ઉપર આપણે જોયું કે નૈઘંટુક કાંડમાં દરેક શબ્દસમૂહને અન્તે પ્રચલિત શબ્દ આપીને એક રીતે તો એનો અર્થ જ આપ્યો છે. તો પછી એને સાર્થ શબ્દકોશ કહેવામાં કોઈ વાંધો મને દેખાતો નથી. એ ખરું કે આજે dictonaryમાં જેમ અકારાદિ ક્રમ હોય છે તેવો ક્રમ એમાં નથી. તેમજ વેદમાં વપરાતા બધા જ શબ્દો એમાં નથી–ઘણા જ ઓછા છે અને એ રીતે એને સંપૂર્ણ પણ ન કહેવાય, છતાં dictionary સંપૂર્ણ હોવી જ જોઈએ એવો કોઈ નિયમ નથી. અને અકારાદિ ક્રમવ્યવસ્થા કોશને માટે ઘણી પશ્ચાત્કાલીન છે. નિઘંટુના નૈઘંટુક કાંડને આપણે સૌથી પ્રાચીન ઉપલબ્ધ વૈદિક શબ્દકોશ તરીકે ગણીએ તો એમાં ખોટું નથી.

નૈગમકાંડ કે દૈવતકાંડ માટે આપણે કહી શકીએ કે એમાં માત્ર શબ્દસંગ્રહ જ છે. દૈવતકાંડમાં તો અર્થ આપવાનો પ્રશ્ન જ નથી. આમ છતાં દેવતાઓનાં સ્થાન અનુસાર નામોની યાદી આપવામાં આવી છે. સ્કોલ્ડ કહે છે: "In the दैवतकाण्ड some sort of explanation is given by the arrangement of the names of the gods..." આ જાતની વ્યવસ્થાને 'some soit of explanation' કહેવું વધારે પડતું છે. નૈગમ-કાંડને માટે તો ખરેખર આવી કોઈ વ્યવસ્થા પણ નથી. સ્કોલ્ડના કહેવા પ્રમાણે: "But in the नैगमकाण्ड no explanation at all is found of the words enumerated, at least not in the Ngh. mss. But is this a reason for believing that such an explanation never existed?" સ્કોલ્ડ જણાવે છે કે નિઘંટુની હસ્તપ્રતોમાં તો શબ્દોની કોઈ સમજૂતી આપવામાં નથી આવી પણ આ જાતની સમજૂતી પહેલાં ન હતી એમ માનવાનું આ કાંઈ કારણ છે? આના જવાબમાં સામો પ્રશ્ન પૂછી શકાય કે એમ માનવાને માટે આ પૂરતું કારણ નથી? એક વાત નક્કી કહી શકાય એમ છે કે નૈગમકાંડ અને દૈવતકાંડ એ બન્ને શબ્દસંગ્રહ છે અને એ રીતે એમને માટે vocabuary શબ્દ વધારે યોગ્ય છે જ્યારે નિઘંટુકકાંડને માટે એને માત્ર શબ્દસંગ્રહ જ કહેવો એ યોગ્ય નથી કારણકે એમાં થોડી ઘણી પણ સમજૂતી છે.

આને લીધે એક પ્રશ્ન સહજ ઊભો થાય અને તે એ કે નિઘંટુ એ ખરેખર મૂળમાં એક જ ગ્રન્થ છે કે પછી ત્રણે ત્રણ કાંડો સ્વતંત્ર છે અને પાછળથી આ બધા ભેગા કરવામાં આવ્યા છે. નિઘંટુના પહેલા ચાર અધ્યાયોમાં મુશ્કેલ શબ્દોનો સમૂહ આપવામાં આવ્યો છે જ્યારે દૈવતકાંડમાં તો માત્ર દેવોની યાદી જ છે અને એથી એમાં સમજાવવાનો ખાસ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એટલું જ નહિ પણ યાસ્કના નિરુક્તમાં પણ ઘણી વખત તો દેવશાસ્ત્ર-વિષયક કે યજ્ઞયાગાદિવિષયક ચર્ચા જ છે, ભાષાશાસ્ત્રનું દષ્ટિબિન્દુ ગૌણસ્થાન ભોગવે છે; તેમજ યજુર્વેદની અસર એ પર સ્પષ્ટ જણાય છે. સ્કોલ્ડ કહે છે તેમ: "The purpose of putting together the enumeration of the first four chapters of the निघण्टु was evidently to explain a certain number of difficult words. But the words of the दैवतकाण्ड generally show no difficulty as to derivation or explanation and its commentary in the निरुक्त is also rather a liturgical-mythological dissertation than anything else." (The Nirukta p. 5) આમ દૈવતકાંડ એ સર્વાનુક્રમણીના પ્રકારનો ગ્રન્થ છે. સર્વાનુક્રમણીનું પ્રયોજન–'न ह्येतज्ज्ञानं ऋते श्रौतस्मार्तकर्मप्रसिद्धिः।' દૈવતકાંડને પણ સીધી રીતે લાગુ પાડી શકાય. આ બધું જોતાં આપણે એમ કહી શકીએ ખરા કે દૈવતકાંડ સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે પણ પાછળથી નિઘંટુમાં એને જોડી દેવામાં આવ્યું છે?

'નિઘંટુ' એ શીર્ષકનો અર્થ શો? યાસ્ક નિરુક્તના આરંભમાં નિઘંટુ શીર્ષક સમજાવતાં કહે છે:

निघण्टवः कस्मात्। निगमा इमे भवन्ति, छन्दोभ्यः समाहृत्य समाहृत्य समाम्नातास्ते निगन्तव एव सन्तो निगमनान् निघण्टव उच्यन्ते, इत्यौपमन्यवः। अपि वाहननादेव स्युः समाहता भवन्ति। यद्वा समाहृता भवन्ति।

અહીં યાસ્ક ત્રણ રીતે આ શબ્દ સમજાવે છે :

૧. नि + गम्, (આ ઔપમન્યવનો અભિપ્રાય છે.)

૨. सम् + आ + हन्,

૩. सम + आ + हृ.

સ્કોલ્ડ પહેલા નિર્વચન ઉપર ધ્યાન દોરે છે. એમના કહેવા મુજબ આ નિર્વચન ખોટું હોવા છતાં અગત્યનું છે. **निगमा इमे भवन्ति** એમાં **निगम** એટલે શું? નિરુક્તમાં વેદમંત્રોનું અવતરણ આપતી વખત નિગમ શબ્દ વપરાયો છે. હવે તે સમયે વેદના અધ્યેતાઓ વેદને કંઠસ્થ કરતા. અને કદાચ નિઘંટુ એ વેદના મંત્રો યાદ રાખવા માટેના પ્રતીક શબ્દોની યાદી હોય, જેમાં દરેક શબ્દ દ્વારા આપણે એક કે વધારે મંત્રો સમજવાના હોય. જો આમ હોય તો નિરુક્તમાં આ બધા શબ્દો સાથે સંબન્ધ રાખતા વેદમંત્રોની જ માહિતી હોય એમ પણ માની શકાય. (જુઓ The Nirukta pp. 3–4) સ્કોલ્ડનું આ સૂચન જરૂર સારું છે, એથી વિશેષ એને માટે કાંઈ કહી શકાય એમ નથી.

રોથ **निघण्टु** શબ્દ **घट्**, **घण्ट्**, ધાતુમાંથી સમજાવે છે.

नैघण्टुकं શબ્દ નિરુક્તમાં વપરાયો છે અને ત્યાં પ્રધાન–મુખ્યના વિરોધમાં આ શબ્દનો પ્રયોગ થયો છે. આમ **नैघण्टुक** શબ્દનો 'ગૌણ', 'અમુખ્ય' એવો અર્થ કરવો જોઈએ.

સ્કોલ્ડની માન્યતા પ્રમાણે **निघण्टु**–પાલીમાં **निघण्डु**–ને **निगण्ठ नातपुत्त** શબ્દને આધારે સમજાવી શકાય. **निगण्ठ नातपुत्त** એ શબ્દો મહાવીરને માટે બૌદ્ધ પાલી ગ્રન્થોમાં વપરાયા છે. **निगण्ठ** એટલે **निर्ग्रन्थ**–જેને સંસારની ગ્રન્થિ, બન્ધનો નથી તે. **निघण्टु**માં શબ્દોને વૈદિક મન્ત્રોના બન્ધન વગર, સ્વતંત્ર રીતે ભેગા કરવામાં આવ્યા હોવાથી આ પ્રમાણે નામ પડયું એમ કહી શકાય. પાલી અને પ્રાકૃતનો આધાર લીધા વિના જ **ग्रथ्** ધાતુનો આધાર લીધો હોત તો કાંઈ વાંધો ન હતો એમ લાગે છે.

સ્કોલ્ડ એવું માને છે કે **निघण्टु** એ શીર્ષક પ્રથમ તો નૈઘંટુકકાંડને માટે જ હશે પણ પાછળથી બધા જ કાંડોને લાગુ પાડીને આખા કોષને માટે આ શબ્દ વપરાયો હોય એમ લાગે છે. એમનું કથન આ પ્રમાણે છે: How can the first **काण्ड** of our **निघण्टु** have given its name to the whole work?...I think by a sort of pars pro toto. There are reasons for believing that the **नैघंटुक काण्ड** is the earliest part of the **निघण्टु**. This together with its being placed at the head of the work, leads to a later change of name. An **अथ निघण्टवः** at the beginning of the MSS of the **निघण्टु** may have been taken to refer to the whole work, while the colophons at the end of the **काण्ड** preserved their old names. The fact, that in our days, not only the first **काण्ड**, but also the whole vocabulary bears the name of **निघण्टु** can hardly be accounted for in any other way." (The Nirukta, pp. 111–112).

આના સંદર્ભમાં દુર્ગાચાર્યનાં કેટલાંક વચનો ખ્યાલમાં રાખવાં જેવાં છે:

(૧) निरूढा ह्मीयं तस्मिन् शब्दसमुदाये संज्ञा। (નિ. ૧—૧—૫૨ની વૃત્તિ)

(૨) यमर्थमन्यस्यां प्रधानायां मन्त्रदेवतायां निपतति निगमयति अभिप्रयुज्यमानमङ्गभावं गच्छति मन्त्रवाक्ये नैघण्टुकं तदित्युच्यते, गुणभूतमित्यर्थः। संज्ञा हि तस्येयमस्मिन् शास्त्रे। (નિ. ૧—૨૦—૫૨ની વૃત્તિ).

(૩) त एव गवादयो देवपत्न्यन्ताः निघण्टवः, तदेकदेशो नैघण्टुकं प्रकरणमिति निघण्टुसंज्ञया व्यवहारो लोके,—'निघण्टुमधीमहे' 'निघण्टुमध्यामहे' इति। शास्त्रे खल्वपि नैघण्टुकं प्रकरणमिति।

સ્કોલ્ડના કથનને દુર્ગાચાર્યના કથનથી એક રીતે ટેકો મળે છે. મન્ત્રોમાં દેવતા પ્રધાન છે; પણ બીજા બધા શબ્દો અપ્રધાન છે—**नैघण्टुक** છે. આ બીજા બધા શબ્દો ભેગા કરીને **नैघण्टुककाण्ड** રચવામાં આવ્યો છે અને એને આધારે આખા કોષને માટે **निघण्टु** શબ્દ રૂઢ થયો છે. આમ **निघण्टु** શબ્દની વ્યુત્પત્તિ ગમે તે રીતે આપવામાં આવતી હોય કે પાછળથી ગમે તે ધાતુમાંથી એ શબ્દ સમજાવવામાં આવ્યો હોય, તો પણ મૂળમાં તો **नैघण्टुक** = અપ્રધાન, ગૌણ એ શબ્દમાંથી જ આ **निघण्टु** શબ્દ રૂઢ થયો છે. યાસ્ક પણ **नैघण्टुक** શબ્દ એ જ અર્થમાં વાપરે છે. આમ એક કાંડના નામ પરથી આખા જ ગ્રંથનું નામ પડયું છે. એમ સ્વીકારવું યોગ્ય છે. જો આપણે આ સ્વીકારી લઈએ તો **नैघण्टुककाण्ड**, **नैगमकाण्ड** અને **दैवतकाण्ड** આરંભમાં જુદા જુદા હતા—ખાસ કરીને **दैवतकाण्ड** જુદો હતો અને પાછળથી બધા જ કાંડો ભેગા કરી દેવામાં આવ્યા એવી માન્યતાને પણ ટેકો મળે છે.

નિરુક્તના આરંભમાં દુર્ગાચાર્યની ટીકાનો કેટલોક ભાગ નિઘંટુ તથા નિરુક્તના સ્વરૂપ માટે અગત્યનો છે. તે આ પ્રમાણે છે:

आह, कथमेतद्गम्यते असमाम्नातव्याख्यानमप्यत्राभिप्रेतमिति? समाम्नानार्हाणां वा किमर्थमसमाम्नानमिति उच्यते-निर्वचनलक्षणोपदेशात्। निर्वचनप्रसक्तानाञ्च मृगकर्णभद्राधःशब्दप्रभृतीनामेवाद्यानां निर्वचनोपदेशात् ज्ञायतेऽसमाम्नातव्याख्यानमप्यत्राभिमतम्।... न हि समाम्नानार्हाणामन्तोऽस्ति, तेषां सर्वेषां समाम्नाने शास्त्रान्त एव न स्यात्...। शक्यश्च तावल्लक्षणोद्देशोदाहरणभूतनिघण्टुशब्दसमवायेनाधीतवेदेन मेधाविना तपस्विना लक्षणविनियोगार्थच्छन्दोदैवतनिदानविदाभियुक्तेनागमवता मन्त्रार्थोऽभ्यूहितुमित्येतावानेव निघण्टुषु शब्दसमुदायः समाम्नातः। तस्मादुपपन्नमसमाम्नातव्याख्यानमप्यत्राभिमतमिति। असमाम्नानं च सर्वेषां शास्त्रातिगौरवभयात्।......। तं च योऽसमाम्नातश्छन्दस्येवावस्थितोऽगवादिरन्यैर्वा निरुक्तैः समाम्नातः तमिमं च निघण्टव इत्याचक्षते।....निरूढा ह्मीयमेतस्मिन् शब्दसमुदाये संज्ञेत्यभिप्रायः।

દુર્ગાચાર્યની ટીકામાંથી આપેલા આ લાંબા અવતરણમાંથી નીચેની કેટલીક બાબતો ફલિત થાય છે. પ્રથમ તો એ કે યાસ્કના નિરુક્તમાં માત્ર નિઘંટુના શબ્દોનું જ નિર્વચન નથી આપ્યું પણ બીજા પણ ઘણા શબ્દો, જેમનો આ નિઘંટુમાં સમાવેશ નથી થયો તેવા શબ્દોને પણ સમજાવવામાં આવ્યા છે. આ પરથી એક વિચાર કરી શકાય કે આપણા નિઘંટુ ઉપરાંત બીજાં પણ એ પ્રકારનાં નિઘંટુઓ અને નિરુક્તો હોવાં જોઈએ. ઉપરનાં અવતરણમાંના છેલ્લાની આગલા વાક્યમાં अन्यैर्वा निरुक्तैः समाम्नातः એવા શબ્દો આના સંદર્ભમાં ધ્યાનમાં

લેવા જોઈએ. નિરુક્તમાં પણ કેટલાંક એવાં પ્રમાણો મળે છે એને આધારે બીજા નિઘંટુઓની કલ્પના કરી શકાય. શ્રી વિષ્ણુપદ ભટ્ટાચાર્યના **Yaska's Nirukta** નામના પુસ્તકમાં એમણે આ ચર્ચા કરેલી છે.

શ્રી ભટ્ટાચાર્ય માને છે કે યાસ્કના નિરુક્ત ઉપરાંત બીજા પણ નિરુક્તગ્રંથો હતા; અને દરેક નિરુક્ત–લેખક પાસે પોતપોતાના નિરુક્તના આધારરૂપ જુદા જુદા નિઘંટુઓ હતા, અને આ બધા નિઘંટુઓના શબ્દની સંખ્યા પણ જુદી જુદી હતી. યાસ્કના નિરુક્તમાં એવા ઘણા શબ્દો સમજાવ્યા છે કે જે નિઘંટુમાં નથી. આ જ બાબત દુર્ગાચાર્યના ઉપર ટાંકેલા અવતરણમાં પણ છે. એમાંના ઘણા અપ્રાપ્ય નિઘંટુઓમાંના શબ્દો છે. શ્રી ભટ્ટાચાર્ય માને છે કે જ્યારે જ્યારે યાસ્ક નિઘંટુના કોઈ શબ્દનું નિર્વચન આપે છે ત્યારે ત્યારે એ શબ્દને માટે **नामन्** કે **कर्मन्** એવો શબ્દ વાપરીને સમજાવે છે. જો નિઘંટુનો શબ્દ કોઈ નામ હોય તો **नामन्** અને ક્રિયાપદ હોય તો **कर्मन्** શબ્દ વાપરે છે; જેમકે **वव्रिरिति रूपनाम** (નિ. ૨. ૯.), **मंहतेर्दानकर्मणः** (નિ. ૧. ૭.), વગેરે. આ પ્રકારના શબ્દપ્રયોગવાળાં સોળ નિર્વચનો નિરુક્તમાં મળી આવે છે અને એ શબ્દો નિઘંટુમાં નથી. એમાંના કેટલાક આ પ્રમાણે છે :—

१. मत्सर इति लोभनाम । (नि. २. ५)
२. विरिति शकुनिनाम । (नि. २. ६)
३. प्रथम इति मुख्यनाम । (नि. २. २२.)
४. रपो रिप्रमिति पापनामनी । (नि. ४. २१.)
५. दक्षतेः समर्धयतिकर्मणः । (नि. १. ७)
६. दक्षतेरुत्साहकर्मणः । (नि. १. ७.)
७. ह्रादतेः शब्दकर्मणः । (नि. १. ९.)
८. ह्लादतेः शीतीभावकर्मणः । (नि. १. ९)
९. ददातेर्धारयतिकर्मणः । (नि. २. २.)
१०. ब्रवीतेः शब्दकर्मणः । (नि. २. २२.)

યજુર્વેદના ટીકાકાર ઉવટ પણ આ જ શબ્દપ્રયોગ વાપરીને કેટલાક એવા શબ્દો સમજાવે છે, જે નિઘંટુમાં નથી; જેમ કે–**एह इत्यपराधनाम** । (૪—૨૯), **रेप इति पापनाम** (૫—૩) વગેરે. ભટ્ટ ભાસ્કરના તૈત્તિરીય સંહિતા ઉપરના ભાષ્યમાં પણ આવો શબ્દપ્રયોગ મળે છે, જેમ કે– **विश इति धननाम** ।, **मतिरिति स्तुतिनाम** ।, વગેરે. શ્રી ભટ્ટાચાર્ય એમ પણ જણાવે છે કે જો આ પ્રકારે બધા જ વૈદિક સાહિત્યને લગતા ગ્રન્થોમાંથી પ્રમાણો ભેગાં કરવામાં આવે તો નિઘંટુ સાહિત્યનો વિસ્તાર ખ્યાલમાં આવી શકે. એઓ કહે છે : "If all the evidences strewn over the various Vedic works be collected together, we would be able to form an estimate as to the extent of the **निघण्टु** literature that preceded Yaska and which formed the materials of Yaska's **निघण्टु** the only work of its kind now available to us."

(Yaska's Nirukta p. 41) શ્રી ભટ્ટાચાર્યનું સૂચન સારું છે, પણ **नामन्** અને **कर्मन्** એ બે શબ્દોને આધારે જ યાસ્કના નિરુક્તમાં જ નહિ પણ બીજા બધા ગ્રંથોમાં પણ જ્યાં જ્યાં એવો શબ્દપ્રયોગ હોય ત્યાં ત્યાં નિઘંટુ શબ્દોનો જ ઉલ્લેખ છે એમ માનવું જરા વધારે પડતું લાગે છે. ઉપલબ્ધ નિઘંટુ ઉપરાંત બીજા પણ નિઘંટુઓ રચાયા હતા—રચાયા હોવા જોઈએ એ આપણે માની શકીએ, કોઈ પુરાવો ન હોય તો પણ એમ ન માનવાને આપણી પાસે કાંઈ કારણ નથી, પણ અમુક શબ્દપ્રયોગનો જ માત્ર આધાર રાખવો એ બહુ સબળ પ્રમાણ તરીકે ગણી શકાય નહિ.

દૈવતકાંડને માટે તો યાસ્કના પોતાના જ શબ્દો દ્વારા એમ નિશ્ચિત કરી શકાય કે ઉપલબ્ધ દૈવતકાંડ ઉપરાંત પહેલાં પણ દેવોનાં નામની આ પ્રકારની યાદીઓ હતી. યાસ્ક નિરુક્તમાં કહે છે :

अथातोऽभिधानैः संयुज्य हविश्चोदयति । इन्द्राय वृत्रघ्ने । इन्द्राय वृत्रतुरे । इन्द्रायांहोमुचे इति । तानप्येके समामनन्ति । भूयांसि तु समाम्नानात् । यत्तु संविज्ञानभूतं स्यात्प्राधान्यस्तुति तत्समामने । अथोत कर्मभिर्ऋषिर्देवताः स्तौति—वृत्रहा, पुरन्दर—इति । तानप्येके समामनन्ति । भूयांसि तु समाम्नानात् । (नि ७. १३)

અહીં યાસ્ક કહે છે કે કેટલાક દેવોનાં જુદાં જુદાં વિશેષણોની પણ યાદી બનાવે છે પણ એમ કરવામાં યાદી ઘણી લાંબી થઈ જાય એવો ભય છે માટે અહીં એમ કર્યું નથી. આ અવતરણમાં **समामने** એ પહેલો પુરુષ એક વચન ખાસ ધ્યાન રાખવાનું છે. આ પરથી આપણે જરૂર કહી શકીએ કે યાસ્કના સમયમાં આવા ઘણા સમામ્નાયો પ્રસિદ્ધ હોવા જોઈએ.

નિઘંટુ અંગે બે અગત્યના પ્રશ્નો ઊભા થાય છે. એક તો નિઘંટુ અને નિરુક્ત બન્નેના લેખક એક જ, એટલે યાસ્ક જ છે? બીજો પ્રશ્ન એ છે કે નિરુક્ત—વેદાંગ અને નિઘંટુ વચ્ચે સંબંધ શો છે? વધારે સ્પષ્ટ રીતે આ પ્રશ્ન મૂકીએ તો એમ પૂછી શકાય કે—યાસ્કનું નિરુક્ત એ નિઘંટુ પરનું ભાષ્ય છે, તો શું નિઘંટુ એ જ નિરુક્ત વેદાંત છે? આ બન્ને પ્રશ્નોની ચર્ચા હવે પછીના વિભાગમાં કરીશું.

(૩) યાસ્ક અને તેનું નિરુક્ત :

સંસ્કૃત ભાષાસાહિત્યના પ્રાચીન ગ્રંથકારોના સમય વિશે આપણે ચોક્કસ કાંઈ જ જાણતા નથી અથવા બહુ જ ઓછું જાણીએ છીએ. યાસ્કના સમય અંગે પણ આવી જ સ્થિતિ છે. સામાન્ય રીતે ઈ. પૂ. ૭૦૦ની આસપાસનો ગાળો યાસ્કને માટે ગણાય છે. યાસ્ક અને પાણિનિ એ બેમાંથી કોણ પહેલા થઈ ગયા અને કોણ પછી એ પણ મતભેદનો વિષય છે. ડૉ. બેલવેલકર યાસ્કના સમય વિશે કહે છે : "Unfortunately the time of **यास्क** is by no means yet certain. It depends on the most part on the date that is to be assigned to **पाणिनि**, between whom and this great writer at least a century, if not more, must be supposed to have elapsed in order to account for all the advances in the matter and wording of the rules of grammar that are to be met with

in the अष्टाध्यायी" (Systems of Sanskrit Grammar, pp. 6–7). યાસ્ક પાણિનિ પહેલાં થઈ ગયા એમ માનવા માટેનું પ્રમાણ તે પાણિનિએ વાપરેલા યાદચ્છિક શબ્દો (technical terms) છે, યાસ્ક નિરુક્તમાં કારિત, ચટરિત, નામકરણ, દ્વિપ્રકૃતિસ્થાન અને એવા બીજા સહેલા શબ્દો વાપરે છે, જેનો અર્થ સરળતાથી સમજી શકાય. પાણિનિની અષ્ટાધ્યાયીમાં टि, घु, भ અને એવા બીજા યાદચ્છિક શબ્દ વપરાયા છે અને એ શબ્દોનો અર્થ વ્યાકરણશાસ્ત્રના યાદચ્છિક શબ્દસમૂહ જાણ્યા વગર સમજી શકાય નહિ. બીજું અગત્યનું પ્રમાણ એ છે કે 'યાસ્ક' એ નામ સમજાવવા માટે પાણિનિ यस्कादिभ्यो गोत्रे । (૨ - ૪ - ૬૩) એવું સૂત્ર આપે છે અને એ રીતે યાસ્કનો ઉલ્લેખ કરે છે.

મેં ઉપર જણાવ્યું તેમ આ મતભેદનો વિષય છે. સ્કોલ્ડ એક સ્થળે કહે છે : The theory of यास्क's priority to पाणिनि is accepted on very superficial evidence, or rather without reasoning. (Papers on Panini. p. 34). પ્રો. ગોલ્ડસ્ટકર ઉપર ટાંકેલા સૂત્ર ૨ - ૪ - ૬૩ માટે કહે છે : Such, I hold, is afforded by the fact that पाणिनि knows the name of यास्क, for he teaches the formation of this word and heads a गण with it. And as we know at present of but one real यास्क in the whole ancient literature, a doubt as to the identity of the author of the निरुक्त and the family chief adduced by पाणिनि, would have first to be supported by plausible arguments before it could be assented to." (Panini and his place in Sanskrit Literature. p. 170) ખરી રીતે તો यस्कादिभ्यो गोत्रे । માં જેનો ઉલ્લેખ છે તે યાસ્ક નિરુક્તકાર યાસ્ક છે એમ કહેવું અથવા નિરુક્તકાર યાસ્ક નથી એમ કહેવું–બન્ને મુશ્કેલ છે. નિરુક્તના ૧૪મા અધ્યાયને અન્તે नमो यास्काय એ પ્રકારે નમસ્કાર લખવામાં આવ્યા છે પણ એને આધારે એમ ન કહી શકાય કે નિરુક્તકાર યાસ્ક મૂળ યાસ્કથી જુદા છે, કારણ કે છેલ્લો અધ્યાય પ્રક્ષિપ્ત છે એમ લગભગ બધા જ વિદ્વાનો સ્વીકારે છે.

શ્રી વિષ્ણુપદ ભટ્ટાચાર્ય એમના Yaska's Niruktaમાં યાસ્ક અને પાણિનિના સંબન્ધ અંગે એક અગત્યનો મુદ્દો ઊભો કરે છે. ગોલ્ડસ્ટકરના મતે પાણિનિની અષ્ટાધ્યાયીમાં પાંચ સૂત્રો (૧ - ૫ - ૫૩ - ૫૭) ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પાણિનિનાં આ સૂત્રો અને તેના પર પતંજલિની ટીકાને આધારે ગોલ્ડસ્ટકર નીચેના મુદ્દાઓ તારવે છે :

૧. પાણિનિના વ્યાકરણમાં સંજ્ઞાઓ અર્થાત્ રૂઢ શબ્દો, જેનો અર્થ નક્કી જ છે, તે બધાની સમજૂતી આપવામાં આવી નથી.

૨. જે સંજ્ઞાઓ વ્યુત્પત્તિથી સમજાવી શકાતી હોય તેવી જ સંજ્ઞાઓનો ઉલ્લેખ સૂત્ર ૧ - ૨ - ૫૩માં કરવામાં આવ્યો છે.

૩. टि, घु, भ જેવી સંજ્ઞાઓ પાણિનિના સમય પહેલાં રૂઢ હતી, આમ છતાં પાણિનિ એ સંજ્ઞાઓ સમજાવે છે કારણ કે એનો વ્યુત્પત્તિપ્રાપ્ત અર્થ થતો નથી.

હવે પાણિનિ કેટલીક સંજ્ઞાઓ જે અર્થમાં વાપરે છે તે જ અર્થમાં તે જ સંજ્ઞાઓ યાસ્ક પણ વાપરે છે. જેમકે उपधा (નિ. ૨ - ૧, ૨ - ૧, અને ૪ - ૧૨); अभ्यास (નિ. ૨ – ૨,

૨·૩, ૫·૧૨, ૧૦·૪૨); **अभ्यस्त** (નિ. ૨·૧૨, ૩·૧૦, ૪·૨૩, ૪·૨૫, ૬·૩); **गुण** (નિ. ૧૦·૧૭) વગેરે, **उपधा, अभ्यास** વગેરે સંજ્ઞાઓનો અર્થ વ્યુત્પત્તિપ્રાપ્ત છે આમ છતાં પાણિનિ એ બધાને માટે ખાસ નિયમો આપીને સમજૂતી આપે છે. હવે જો યાસ્ક પાણિનિના પુરોગામી હોય તો આ બધી સંજ્ઞાઓ પ્રચલિત હોવી જોઈએ અને એવી સ્થિતિમાં પાણિનિ એનો અર્થ આપે નહિ; છતાં પાણિનિ આ બધાનો અર્થ આપે છે. આથી યાસ્ક પાણિનિના પુરોગામી હતા એ શંકાસ્પદ છે. અંતમાં શ્રી. ભટ્ટાચાર્ય કહે છે: "Though it is apparent on linguistic ground, ..., that Yaska belongs to a much earlier period than पाणिनि, still the issue raised here demands special investigation before यास्क's priority can be fully taken for granted." (Yaska's Nirukta. p. 6) શ્રી ભટ્ટાચાર્યે જે મુદ્દો ઊભો કર્યો છે તે વિચારવા જેવો છે.

યાસ્ક પાણિનિ પહેલાં થઈ ગયા એમ સ્વીકારીને ડૉ. બેલવેલકર યાસ્કનો સમય ઈ. પૂ. ૮૦૦ થી ૭૦૦ ગણાવે છે. (Systems of Sanskrit Grammar p. 7)

પ્રો. હર્ટલે એવું પુરવાર કરવા પ્રયત્ન કર્યો છે કે ઋગ્વેદનાં પાછળનાં સૂક્તો જરથુષ્ટ્રના સમયની આસપાસ એટલે કે ઈ. સ. પૂર્વેની આઠમી સદીની આસપાસ રચાયાં હતાં. જો એમ હોય તો યાસ્કનો સમય તેથી ઠીકઠીક પાછળ ગણાવો જોઈએ, એમ સ્કોલ્ડ માને છે. (The Nirukta pp. 132–133) સ્કોલ્ડે જાતે યાસ્કના સમયની ચર્ચા ખાસ કરી નથી, આમ છતાં એમણે કેટલાંક મહત્ત્વનાં સૂચનો કર્યાં છે. સ્કોલ્ડના કહ્યા પ્રમાણે યાસ્કના સમયમાં અથર્વવેદને ચોથા વેદ તરીકે ગણવામાં આવતો ન હતો. ભગવાન બુદ્ધના સમયમાં પણ અથર્વવેદને બીજા વેદો સાથે સમાન કક્ષાએ મૂકવામાં આવ્યો ન હતો કારણ કે બૌદ્ધ સાહિત્યમાં વેદત્રયીનો જ ઉલ્લેખ છે. પતંજલિના સમય દરમ્યાન (લગભગ ઈ. પૂ. ૧૫૦) અથર્વવેદને પણ બીજા વેદો સાથે ગણવામાં આવેલો છે. આમ યાસ્કનો સમય ઘણા બ્રાહ્મણ ગ્રન્થોની પછીનો કહી શકાય.

આ બાબતમાં બીજું પણ એક સૂચન કરવાનું છે. નિરુક્તના પ્રથમ અધ્યાયમાં કૌત્સના અભિપ્રાયની ચર્ચા કરવામાં આવી છે. કૌત્સ માને છે કે વેદમંત્રનો અર્થ થતો નથી અને એ માટેની દલીલ આપે છે. યાસ્ક એનો રદિયો આપે છે. અહીં કૌત્સનો અભિપ્રાય એ બૌદ્ધ, જૈન કે ચાર્વાક જેવા દર્શનના અનુસારકનો અભિપ્રાય છે, અર્થાત્ કૌત્સ વેદ વિરુદ્ધ કોઈ સંપ્રદાયમાં માનતા હતા એમ કહેવું યોગ્ય નથી. બ્રાહ્મણ ગ્રન્થોના સમયમાં યજ્ઞયાગાદિ ક્રિયાઓ પર એટલો બધો ભાર મૂકવામાં આવ્યો કે તેને પરિણામે ધર્મ–વેદધર્મ વૈધિક (formal) બની ગયો. અને એ પરિસ્થિતિમાં વેદમંત્રનો ઉપયોગ માત્ર યજ્ઞયાગાદિ ક્રિયાઓમાં જ કરવાનો છે, એમાં સમજવા જેવું કાંઈ છે જ નહિ એ પ્રકારની વેદવિરોધી તો નહિ પણ વેદાર્થવિરોધી માન્યતા બંધાઈ.

પ્રો. લક્ષ્મણ સ્વરૂપ આ માન્યતાનો ઉદ્‌ભવ કાંઈક જુદી રીતે સમજાવે છે. એમના જણાવ્યા પ્રમાણે અથર્વવેદને પણ બીજા બધા વેદો સાથે સમકક્ષ ગણવા માટે જે કેટલાક પ્રયત્નો થયા તેમાં બાકીના ત્રણ વેદોના કરતાં અથર્વવેદ વધારે અગત્યનો છે એમ પણ જુદી જુદી કથાઓ દ્વારા

બતાવવામાં આવ્યું. આ પછી પાછળથી જ્યારે અથર્વવેદને વેદત્રયીની સાથે સમકક્ષ ગણવામાં આવ્યો ત્યારે પણ વેદવિરોધી વિચારો, જે પહેલાં પ્રકટ કરવામાં આવેલા તે ચાલુ જ રહ્યા. આરણ્યકો તથા ઉપનિષદોમાં કેટલેક સ્થળે આ પ્રકારની માન્યતા મળી આવે છે. મુંડકોપનિષદ્‌માં વેદના અધ્યયનને અવિદ્યા કહેવામાં આવ્યું છે (૧-૧, ૪-૫), તથા વેદ-વિદ્યાને બ્રહ્મવિદ્યા કરતાં નીચી કક્ષાની ગણી છે (મુંડક ૩-૨-૩.). આ ઉપરાંત બીજા પણ ઘણા ગ્રંથોમાં આ પ્રકારના વિચારો દર્શાવ્યા છે; જેમકે બૃહદારણ્યકોપનિષદ્ ૧–૫–૨૩; કૌષીતકિ ઉપનિષદ્ ૨.૫; છાન્દોગ્યોપનિષદ્ ૫.૧૧.૨૪; તૈત્તિરીય ઉપનિષદ્ ૨.૫; ભગવદ્‌ગીતા ૨.૪૨,૪૫; ૯.૨૧; ૧૧.૪૮,૫૩; વગેરે. એમ પણ બની શકે કે બૌદ્ધ તથા જૈન ગ્રંથોમાં જે વેદવિરોધી વિચારધારા છે તે આની અસરથી હોય એમ શ્રી સ્વરૂપ માને છે. (Introduction to the Nirukta pp. 74-75) યાસ્કના નિરુક્તમાં કૌત્સનો જે અભિપ્રાય છે તેને વેદાર્થવિરોધી અભિપ્રાય કહેવો વધારે યોગ્ય થઈ પડશે. જો પ્રાચીન ઉપનિષદોનો કાળ આવા અભિપ્રાયનો ઉદ્‌ગમકાળ ગણી લઈએ તો યાસ્કનો સમય તે પછીનો ગણી શકાય. આ દૃષ્ટિકોણથી યાસ્કના સમય અંગે વિચાર કરવો જોઈએ, જો કે એ માર્ગે આપણે નિશ્ચયાત્મક રીતે કેટલા આગળ વધી શકીએ એ એક પ્રશ્ન છે.

યાસ્ક વિશે આપણી પાસે ઘણી ઓછી માહિતી છે. તૈત્તિરીય સંહિતાના કાંડાનુક્રમમાં એને **पैङ्गी** કહ્યા છે, અને વેદમંત્રોના સંગ્રહ અને સંપાદન કરનારા ઋષિઓમાં એમને સ્થાન આપવામાં આવ્યું છે. **पैङ्गी** એટલે **पिङ्ग**ના વંશજ. એમ કહેવામાં આવ્યું છે કે વૈશંપાયને આ સંહિતા યાસ્કને ઉપદેશેલી અને તેણે **तित्तिरि**ને આપેલી. **तित्तिरि** પરથી સંહિતાનું નામ **तैत्तिरीय** પડયું. આશ્વલાયન શ્રૌતસૂત્રોને અંતે જે વંશાવલી આપવામાં આવી છે, તેમાં **पिङ्ग**નું નામ છે. અહીં **पिङ्ग अङ्गिरस** ગોત્રના હોવાનું બતાવ્યું છે. આ પરથી યાસ્ક પણ અંગિરસ ગોત્રના હતા એમ કહી શકાય. હવે તેજ વંશાવલીમાં ભૃગુકુળનાં નામોમાં એક **यस्क** આવે છે અને **यास्क** તેના વંશજ હોય એમ નામ પરથી લાગે છે.

પૈંગ્ય એ એક ઘણું વિદ્વાન બ્રાહ્મણ કુળ હતું. બૃહદારણ્યક (૬.૩.૮–૯) માં એ કુળના મધુક નામના એક વિદ્વાનનો ઉલ્લેખ છે. આ મધુક અમુક યજ્ઞક્રિયાના ઉપદેશકોમાંના એક હતા. પાણિનિ અને તેના ટીકાકારો (૬.૩.૧૦૫) **पैङ्गी कल्पः**નો ઉલ્લેખ કરે છે. ઐતરેય બ્રાહ્મણ (૭.૧૧) માં જણાવ્યું છે કે પૈંગ્યમાં પૂર્ણિમાને આગલે દિવસે અમુક ઉપવાસ–કરવાનું વિધાન કરવામાં આવ્યું છે. ઐતરેય બ્રાહ્મણનો આ વિભાગ પ્રક્ષિપ્ત હોવાનું મનાય છે. શંકરાચાર્યના બ્રહ્મસૂત્ર (૩.૩.૨૪) પરના ભાષ્યમાં **अस्ति ताण्डिनां पैङ्गिनां च रहस्यब्राह्मणे पुरुषविद्या** એવો ઉલ્લેખ છે.

નિઘંટુ અને નિરુક્ત ઉપરાંત યાસ્કે બીજા ગ્રન્થો લખ્યા હોવાનું કહેવાતું નથી. નિઘંટુ પણ યાસ્કની જ રચના છે કે કેમ એ શંકાસ્પદ છે; એ ચર્ચા પછી કરીશું. કોલબ્રુક પિંગળના છન્દઃસૂત્રમાં યાસ્કનો ઉલ્લેખ શોધી કાઢે છે-**न्यङ्कुसारिणी द्वितीयः। स्कन्धोग्रीवी क्रोष्टुकेः। उरोबृहती यास्कस्य।** બૃહતીના પ્રકારના છન્દમાં બીજો પાદ ૧૨ અક્ષરનો હોય તો તેને ન્યંકુસારિણી કહેવાય. ક્રૌષ્ટુકિ તેને સ્કન્ધોગ્રીવી કહે છે, જ્યારે યાસ્ક તેને માટે ઉરોબૃહતી એવું નામ આપે

છે. આ નામ નિઘંટુ કે નિરુકતમાં આવતું નથી. આથી આ એક માત્ર ઉલ્લેખને આધારે યાસ્કે છન્દઃશાસ્ત્રનું પુસ્તક લખેલું અને તે ઉપલબ્ધ નથી એમ માનવું મુશ્કેલ છે. રોથ એમ માને છે કે અહીં કયાં તો હસ્તપ્રતના લેખકની અગર તો છન્દઃસૂત્રના ગ્રંથકર્તાની કાંઈક ભૂલ થઈ હોય એમ બની શકે. પ્રાતિશાખ્યમાં જે વિભાગમાં છન્દની ચર્ચા કરવામાં આવી છે તેમાં એક વૈયાસ્કનો ઉલ્લેખ છે, તે જ રીતે એ વિભાગમાં ન્યંકુસારિણી, સ્કન્ધોગ્રીવી અને ઉરોબૃહતી એમ ત્રણે નામોનો પણ ઉલ્લેખ છે. હવે જો યાસ્કે 'ઉરોબૃહતી' નામ આપ્યું હોય તો પ્રાતિશાખ્ય, જે યાસ્કના કરતાં પૂર્વકાલીન છે, તેમાં એનું નામ આવી શકે નહિ. એમ પણ બને કે ખરેખર 'વૈયાસ્ક' જ મૂળ નામ હોય અને પાછળથી વધારે જાણીતા નામ 'યાસ્ક'ની સાથે એ ભેગું થઈ ગયું હોય.

નિઘંટુ પણ યાસ્કની રચના છે એવો પરંપરાગત મત છે, અને કેટલાક અર્વાચીન વિદ્વાનોએ પણ એને ટેકો આપ્યો છે. દુર્ગાચાર્ય એમ માને છે કે નિઘંટુ અને નિરુકત બન્નેના લેખકો જુદા છે અને બીજા કેટલાક અર્વાચીન વિદ્વાનો પણ એને ટેકો આપે છે.

મહાભારતમાં મોક્ષધર્મપર્વમાં નીચે મુજબના શ્લોકો છે :

> वृषो हि भगवान्धर्मः ख्यातो लोकेषु भारत ।
> निघण्टुकपदाख्याने विद्धि मां वृषमुत्तमम् ॥
> कपिर्वराहः श्रेष्ठश्च धर्मश्च वृष उच्यते ।
> तस्माद् वृषाकपिं प्राह कश्यपो मां प्रजापतिः ॥

(મ. ભા., શાન્તિપર્વ. ૩૪૨.૮૬-૮૭)

એ જ પ્રકરણમાં યાસ્કનો પણ ઉલ્લેખ છે :

> यास्को मामृषिरव्यग्रो नैकयज्ञेषु गीतवान् ।
> शिपिविष्ट इति ह्यस्मात् गुह्यनामधरो ह्यहम् ॥
> स्तुत्वा मां शिपिविष्टेति यास्क ऋषिरुदारधीः ।
> मत्प्रसादादधो नष्टं निरुक्तमधिजग्मिवान् ॥

(એજન. ૩૪૨; ૭૨-૭૩)

નિઘંટુમાં **वृषाकपि** શબ્દ આવે છે. કેટલાક એમ ધારે છે કે કશ્યપ પ્રજાપતિ નિઘંટુના સંગ્રાહક હતા. એ માન્યતા માટે કોઈ પણ જાતનો આધાર નથી. શ્રી લક્ષ્મણ સ્વરૂપ કહે છે : "The theory of कश्यप's authorship is indeed absurd and hardly deserves any mention." (Intro. to the Nighaṇṭu. P. 14. fn. 1.) એ ગમે તે હોય, અને કશ્યપને નિઘંટુના સંગ્રાહક કહેવા ઘણું અયોગ્ય હોવા છતાં ઉપરના શ્લોકો પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે મહાભારત અનુસાર નિરુકત અને નિઘંટુ બેના રચયિતાઓ એક ન હતા.

મધુસૂદન સરસ્વતી મહિમ્નસ્તોત્ર પરની ટીકામાં નિઘંટુ અંગે આ પ્રમાણે ઉલ્લેખ કરે છે:

एवं निघण्ट्वादयोऽपि वैदिकद्रव्यदेवतात्मकपदार्थपर्यायशब्दात्मका निरुक्तान्तर्भूता एव । तत्रापि निघण्टुसंज्ञकः पञ्चाध्यायात्मको ग्रन्थो भगवता यास्केनैव कृतः ।

ઋગ્વેદ પરના ભાષ્યમાં વેંકટમાધવ ઋગ્વેદ ७-८७-४ સમજાવતાં જણાવે છે :
तत्र एकविंशतिर्नामानि कश्चिद्धार्बिभर्तीति पृथिवीमाह। तस्य हि यास्कपठितान्येकविंशतिर्नामानि।

મધુસૂદન સરસ્વતી અને વેંકટમાધવના અભિપ્રાય પ્રમાણે નિઘંટુ પણ યાસ્કની જ રચના છે. આમ આ બાબતમાં મતભેદ છે; બન્ને પક્ષે જુદી જુદી દલીલો કરવામાં આવે છે. આપણે એ બધી દલીલો જોઈએ :

નિરુક્તના આરંભમાં યાસ્ક કહે છે : **समाम्नायः समाम्नातः। स व्याख्यातव्यः। तमिमं समाम्नायं निघण्टव इत्याचक्षते।** (નિ. १-१) આના પર ટીકા કરતાં દુર્ગાચાર્ય કહે છે: **गवादिर्देवपत्न्यन्तः शब्दसमुदायः समाम्नाय उच्यते।...। स च ऋषिभिर्मन्त्रार्थपरिज्ञानाय उदाहरणभूतः पञ्चाध्यायीशास्त्रसंग्रहभावेन एकस्मिन्नाम्नाये ग्रन्थीकृत इत्यर्थः।** દુર્ગાચાર્ય એમ પણ બતાવે છે કે નિઘંટુ એ શબ્દસમુદાયને માટે રૂઢ સંજ્ઞા છે, અને આપણા શબ્દસમુદાય ઉપરાંત બીજા શબ્દસમુદાયોને પણ લાગુ પાડી શકાય. આમ ઉપલબ્ધ શબ્દસમુદાયમાં ન મળતા શબ્દો જેમાં સમાવવામાં આવેલા છે એવા બીજા નિઘંટુ ગ્રન્થો પણ હોવા જોઈએ, એ આપણે ઉપર જોયું. આપણે ઉપર એ પણ જોયું કે માત્ર ઉપલબ્ધ શબ્દસમુદાયના શબ્દોનું જ નિર્વચન યાસ્ક આપે છે એવું નથી પણ બીજા શબ્દસમુદાયમાં આવતા શબ્દો પણ યાસ્કે સમજાવેલા છે. એમાં એક પ્રશ્ન એવો ઊભો કરી શકાય કે બધા જ શબ્દોનો સંગ્રહ નિઘંટુમાં કેમ કરવામાં આવ્યો નથી? દુર્ગાચાર્ય આના જવાબમાં કહે છે કે બધા જ શબ્દોનો સંગ્રહ કરવામાં અતિવિસ્તાર થઈ જાય અને ઉપલબ્ધ નિઘંટુ અને તેના પરનું નિરુક્ત માત્ર નિર્વચન પદ્ધતિ સમજાવવા માટે છે, એ ઉદાહરણરૂપ છે. આ બધાં કથનો પરથી એમ કહી શકાય કે ઉપલબ્ધ નિઘંટુની રચના યાસ્કના સમય કરતાં ઘણા પહેલાં થઈ હોવી જોઈએ. નિરુક્તનું જાણીતું વાક્ય **उपदेशाय ग्लायन्तोऽवरे इमं ग्रन्थं समाम्नासिषुः।** (નિ. १—२०) પણ એ જ દર્શાવે છે.

નિઘંટુના ચોથા અધ્યાયમાં **दावने। अकूपारस्य।** એમ એ શબ્દો આવે છે. નિરુક્તમાં (નિ. ४—१८) યાસ્કે એ શબ્દો સમજાવતી વખતે **अकूपारस्य दावने** એમ બન્ને શબ્દો વિરુદ્ધ ક્રમમાં આપ્યા છે. હવે જો નિઘંટુ અને નિરુક્ત બન્નેના રચયિતા યાસ્ક જ હોય તો આ પ્રકારનો ક્રમભેદ આવે નહિ. દુર્ગાચાર્ય આની ચર્ચા કરતાં કહે છે : **एतस्मिन्मन्त्रे 'अकूपारस्य दावने' इत्ययमनयोः पदयोरनुक्रमः। समाम्नाये पुनः 'दावने अकूपारस्य'–इति मन्त्रपाठव्यतिक्रमेण अनुक्रमः। तेन ज्ञायते अन्यैरेवायं ऋषिभिः समाम्नायः समाम्नातः अन्य एव चायं भाष्यकार इति। एको हि समाम्नायं भाष्यं च कुर्वन् प्रयोजनस्याभावात् एकमन्त्रगतयोः पाठानुक्रमं नाभंक्ष्यत्।** આવો જ ક્રમભેદ **वाजपस्त्यम्** અને **वाजगन्ध्यम्** એ શબ્દો માટે પણ થાય છે (નિ. ५—१५). તે સ્થળે દુર્ગાચાર્ય કહે છે: **वाजगन्ध्यमित्येतदपि पदमेकस्मिन्नेव निगमे निरुक्तम्। केवलं समाम्नायानुक्रमविपर्यासः वाजपस्त्यं वाजगन्ध्यमित्येष समाम्नायानुक्रमः। निगमे पुनः अश्याम वाजगन्ध्यं सनेम वाजपस्त्यमिति।**

નિઘંટુમાં (४—१) **च्यवन** શબ્દ આવે છે. એ સમજાવતાં યાસ્ક કહે છે : **च्यवन ऋषिर्भवति। च्यावयिता स्तोमानाम्।** (નિ. ४—१९). આ પછી ઉદાહરણને માટે ઋગ્વેદ १०-३९-४ મંત્ર ટાંકે છે. હવે આ મંત્રમાં **च्यवान** શબ્દ છે. ઋષિનું નામ **च्यवान** છે, **च्यवन**

નહિ. ઋગ્વેદમાં ૫-૬ વખત **च्यवन** શબ્દ **च्यावयिता** એ અર્થમાં આવે છે પણ તેનાં ઉદાહરણો યાસ્કે આપ્યાં નથી. આમ યાસ્ક **च्यवन** અને **च्यवान** બેને ગૂંચવી નાખે છે. આ પણ એક દલીલ તરીકે લઈ શકાય કે નિઘંટુ અને નિરુક્ત એના લેખકો જુદા છે.

નિઘંટુમાં **अर्क** શબ્દ ત્રણ વખત આવે છે. (૨-૭, ૨-૨૦, ૪-૨). નિઘંટુ ૨-૭માં **अर्क** શબ્દ **अन्न**નો પર્યાય છે, ૨-૨૦માં **वज्र**નો પર્યાય છે અને ૪-૨માં અનેકાર્થક શબ્દ તરીકે વપરાયો છે. નિરુક્ત (૫-૪, ૬-૨૩)માં યાસ્ક ચાર અર્થો આપે છે. દેવ, મંત્ર, અન્ન અને **वृक्ष.** અહીં **वज्र**નો અર્થ આપવામાં આવ્યો નથી. જો નિઘંટુના સંગ્રાહક યાસ્ક જ હોય તો આમ બનવું અસંભવિત છે.

પ્રો. ભગવદ્દત્ત એમ માને છે કે મધુસૂદન સરસ્વતીનો અભિપ્રાય જ યોગ્ય છે અને નિઘંટુ તથા નિરુક્ત બન્નેના લેખક યાસ્ક જ છે. **अकूपारस्य दावने** એ બે શબ્દોને આધારે જે દલીલ કરવામાં આવે છે તે યોગ્ય નથી. યાસ્કના ટાંકેલા મંત્ર ઉપરાંત બીજી કોઈ જગાએ આ શબ્દો આવતા ન હોય તો આપણે દુર્ગાચાર્યનું કથન સ્વીકારી લઈએ, પણ એવું નથી. **अकूपारस्य** શબ્દ માત્ર એક જ સ્થળે આવે છે એ ખરું પણ **दावने** શબ્દ બીજા મંત્રોમાં પણ આવે છે. એમ પણ બને કે નિરુક્તની રચના વખતે યાસ્કે આ જ મંત્ર ઉદાહરણ તરીકે આપ્યો હોય કારણ કે અહીં બન્ને શબ્દો આવે છે અને આમ બે શબ્દો માટે જુદાં ઉદાહરણ આપવાની જરૂર ન પડે. આમ જોતાં આ શબ્દો માટે યાસ્કના ધ્યાનમાં માત્ર આ જ મંત્ર હોય, (ઋગ્વેદ ૫-૩૯૨) હોય એમ કહેવું મુશ્કેલ છે. તે જ રીતે **उपदेशाय ग्लायन्तोऽवरे बिल्मग्रहणाय इमं ग्रन्थं समाम्नासिषु...।** એમાં **इमं ग्रन्थम्** એટલે નિઘંટુ એવો જે અર્થ દુર્ગાચાર્યે કર્યો છે તે યોગ્ય નથી. ખરી રીતે **इमं ग्रन्थम्** એટલે 'આ પ્રકારના ગ્રન્થો' સમજવા જોઈએ. આ નિઘંટુ ઉપરાંત તેના પહેલાં પણ નિઘંટુ ગ્રંથો રચાયા હતા એ આપણે ઉપર જોયું. એટલું જ નહિ પણ પ્રાક્કાલીન નિઘંટુઓને આધારે યાસ્કે ઉપલબ્ધ નિઘંટુનો સંગ્રહ કર્યો એમ પ્રો. ભગવદ્દત્ત માને છે. એને માટે નિરુક્ત ૭-૧૩માંના એક અગત્યના પરિચ્છેદનો ઉલ્લેખ કરે છે:

"**अथातोऽभिधानैः संयुज्य हविश्चोदयति–इन्द्राय वृत्रघ्ने। इन्द्राय वृत्रतरे। इन्द्रायांहोमुचे इति। तान्यपि ५के समामनन्ति। भूयांसि तु समाम्नानान। यत्तु संविज्ञानभूतं स्यात् प्राधान्यस्तुति तत्समामने। अथोत कर्मभिः ऋषिः देवताः स्तौति। वृत्रहा, पुरन्दर, इति। तान्यपि एके समामनन्ति। भूयांसि तु समाम्नानात्।**"

અહીં યાસ્ક જણાવે છે કે કેટલાક દૈવતકાંડોમાં દેવોનાં રૂઢ નામો ઉપરાંત તેમનાં જુદાં જુદાં વિશેષણોનો પણ સંગ્રહ કરવામાં આવે છે. પણ આમ કરવામાં યાદી ઘણી લાંબી થઈ જાય એમ છે આથી યાસ્કે જાતે તો જે નામો રૂઢ છે તેની જ યાદી કરી છે. અહીં **समामने** એ ઉત્તમ પુરુષ એકવચન જ બતાવે છે કે આ સંગ્રહ યાસ્કે કરેલો છે.

પ્રો. ભગવદ્દત્તે જે દલીલો કરી છે તેમાં છેલ્લીને બાદ કરતાં બીજી બધીમાં બહુ વજૂદ જેવું લાગતું નથી. '**इमं ग्रन्थम**'નો અર્થ 'આ પ્રકારના ગ્રન્થો' એવો કરવો એ વધારે પડતું છે. **अकूपारस्य दावने** માટે એમણે જે કહ્યું તે પ્રકારનું ગમે તે મુદ્દા પર કહી શકાય–જ્યાં

આપણે કાંઈ જ જાણુતા નથી ત્યાં આપણે ગમે તે દલીલ કરી શકીએ. એમ તો નિ. ૭–૧૩નું વાક્ય જેનો આધાર પ્રો. ભગવદ્દત્ત લે છે તે પણ આવી કોઈક રીતે ન સમજી શકાય ? એમ કહી શકાય કે **समामने** એ ભૂલ છે પણ મૂળમાં **समाम्नातम्** હોવું જોઈએ અને હસ્તપ્રતના લેખકના દોષથી આવો પાઠફેર થઈ ગયો છે. એમ પણ કહી શકાય કે આખો વાક્યખંડ પ્રક્ષિપ્ત છે. એમ પણ કહી શકાય કે યાસ્કે પોતે આવી કોઈક યાદી કરી હોય પણ તે આ ઉપલબ્ધ નિઘંટુથી જુદી હોય. આ રીતે ઘણાં અનુમાનો કરી શકાય.

મને તો એવું લાગે છે કે નિઘંટુનો પરાપૂર્વથી જે સંગ્રહ ચાલતો આવેલો તેમાં કોઈ એક જ લેખકે આ યાદી કરેલી એમ માનવું મુશ્કેલ છે. જુદા જુદા લેખકોએ એમાં ઉમેરા–ઘટાડા કર્યા હોય અને યાસ્કે જાતે પણ એમાં પોતાને ઉચિત લાગ્યા એવા ફેરફાર કર્યા હોય. અને આ રીતે **समामने** શબ્દને આવા અર્થમાં સમજવો જોઈએ.

નિઘંટુના સંગ્રાહક કોઈ એક જ લેખક ન હતા. એ માટે મેં ઉપર ચર્ચા કરતી વખતે એવી મતલબનું જણાવ્યું છે કે દૈવતકાંડ અને નૈઘંટુકકાંડના સંગ્રાહકો જુદા હતા. એ જ રીતે નૈગમકાંડ પણ સ્વતંત્ર હતો અને પાછળથી એ ત્રણે કાંડો ભેગા કરવામાં આવેલા. એ અંગે પ્રો. કરમરકરનો અભિપ્રાય ટાંકું છું : "Nor does the निघण्टु seem to be the work of only one author. Thus, for instance, the author of the second section of the fourth **अध्याय** of the निघण्टु is clearly different from the author of the first three अध्यायs, as shown from the fact that the second section of the fourth अध्याय gives certain words, the meanings of which have already been given in the first three अध्यायs. Thus अन्धः IV. 2·6, वराहः IV. 2·21, स्वसराणि IV. 2·22, शर्याः IV 2·23 सिनम् IV 2·28, वयुनम् IV 2·48, are already explaind in II. 7·1, I. 10·13, I. 9·5, II. 5·5, II. 7·8, III. 9. 10, respectively. It is clear therefore that the author of the second section of the fourth अध्याय was not aware of the first three अध्यायs" આગળ ચાલતાં પ્રો. કરમરકર જણાવે છે : "In the fourth अध्याय of the निघण्टु there are eight pairs of consecutive words occuring in some Rigvedic passages, out of which (1) two occur in IV. 1 – दावने अकूपारस्य, IV. 1·32–33; and विद्रधे द्रुपदे – IV. 1. 88–89; (2) two occur in IV. 2 – बाहिष्ठः दूतः, IV. 2·2–3; कूटस्य चर्षणिः, IV. 2·70–71; and (3) four occur in IV. 3 - अन्वायं किमीदिने IV. 3·43–44; श्रुष्टी पुरन्धिः, IV. 3·50–51; चनः पचता IV. 3·64–65; सदान्वे शिरिम्बिठः IV. 3·119–120. In the case of the first section, the exact words occurring in the passages are taken, though the order is changed in the case of दावने अकूपारस्य. In the case of the second section, बाहिष्ठो दूतो in the passage has been reduced to its original, बाहिष्ठः and दूतः. In the case of the third section, while अन्वायं किमीदिने and चनः पचता are taken unchanged,

श्रुष्टी पुरन्धिः and **सदान्वे शिरिम्बिठः** are substituted for **पुरन्धिम्** and **शिरिम्बिठस्य** of the original passage. If one can keep in tact **दावने अकूपारस्य in** IV. 1, one fails to understand how **शिरिम्बिठस्य** should lose its genitive or **पुरन्धिम्** its accusative. It is clear therefore that the third section must not have been produced by the author of the first section of the fourth **अध्याय** " શ્રી કરમરકરનો અભિપ્રાય સાચો લાગે છે એમ **સહજ કહી** શકાય. નિઘંટુના બધા કાંડોના સંગ્રાહકો જુદા છે એટલું જ માત્ર નહિ પણ નૈગમકાંડના જુદા જુદા વિભાગોના સંગ્રાહકો પણ જુદા છે, યાસ્કે જાતે એનું સંસ્કરણ માત્ર કર્યું હોય–તેમાં પણ દૈવતકાંડનું જ સંસ્કરણ કર્યું હોય એ સંભવિત છે.

આ સાથે એક વિચાર એ પણ કરવા જેવો છે કે નિરુક્તના પણ બધા જ અધ્યાયો એક જ લેખકના છે કે નહિ. નિરુક્તના પૂર્વ અને ઉત્તર બન્ને ષટ્કોના લેખકો એક જ છે કે કેમ એ બાબતમાં શંકા ઊભી કરતા કેટલાક મુદ્દાઓ છે :

૧. ઘણી હસ્તપ્રતોમાં પૂર્વષટ્ક અને ઉત્તરષટ્ક જુદાં જુદાં આપવામાં આવે છે.

૨. ઉત્તરષટ્કના અધ્યાયો અને તેના વિભાગો સામાન્ય રીતે **अथ** અને **अथातोथी शरु** થાય છે, પૂર્વષટ્કમાં માત્ર પ્રથમ અધ્યાયમાં જ આ પ્રકારનું લખાણ છે. પહેલા અને સાતમા અધ્યાયમાં જે સમાનતા છે તે કદાચ પાછળથી બનાવવામાં આવેલી હોય એવો સંભવ છે. પહેલા તથા સાતમા અધ્યાયમાં જ નિગમોમાં સ્વરાદિ ચિહ્નોનો અભાવ છે.

૩. પૂર્વષટ્કમાં નિર્વચન મુખ્ય ભાગ ભજવે છે. ઉત્તરષટ્કમાં દૈવતકાંડનું વ્યાખ્યાન હોવાથી એમાં યજ્ઞની દષ્ટિએ ચર્ચાઓ આવે છે, નિર્વચન ગૌણ સ્થાને છે.

૪. ઉત્તરષટ્કમાં યજુર્વેદની અસર સ્પષ્ટ છે. નૈરુક્ત સિદ્ધાન્તના વિરોધમાં યાજ્ઞિકોનો મત આપવામાં આવે છે.

૫. પૂર્વષટ્કમાં એક જ પરિચ્છેદમાં એ કે વધારે નિગમો ટાંકેલા છે, ઉત્તરષટ્કમાં અમુક અપવાદ બાદ કરતાં દરેક પરિચ્છેદમાં એક એક જ નિગમનું અવતરણ આપેલું છે.

૬. પૂર્વષટ્ક તથા ઉત્તરષટ્કમાં શૈલીની દષ્ટિએ પણ ભેદ છે. ઉદાહરણ તરીકે પૂર્વષટ્કમાં નિર્વચન આપતી વખતે અમુક ચોક્કસ પદ્ધતિ અપનાવેલી છે—**वाक् कस्मात् ? वचतेः।** આમ લગભગ દરેક વખતે શબ્દ સાથે **कस्मात्** આવે છે અને પછી નિર્વચન આપેલું છે. ઉત્તરષટ્કમાં **कस्मात्**ના વ્યવધાન વગર સીધે સીધું નિર્વચન આપેલું છે.

૭. પતંજલિના મહાભાષ્યમાં નિરુક્તના ઉલ્લેખો પૂર્વષટ્કમાંથી જ કરવામાં આવ્યા છે, ઉત્તરષટ્કમાંથી નહિ. આને બહુ આધારભૂત દલીલ ન ગણી શકાય છતાં એક વાત તો ખરી જ કે ઉત્તરષટ્કમાંથી જરા પણ ઉલ્લેખ ન હોય એ કાઢી નાખવા જેવી બાબત તો નથી જ.

આમ ઉપરના સાત મુદ્દાઓને આધારે એમ કહી શકાય કે નિરુક્ત પણ એક જ લેખકની કૃતિ છે કે કેમ એ શંકાસ્પદ છે.

આવો જ એક બીજો અગત્યનો પ્રશ્ન 'નિરુક્ત' નામ અંગે છે. યાસ્કના ગ્રંથમાં नैरुक्ताः। નો ઉલ્લેખ આવે છે, પણ આ ગ્રન્થ નિરુક્ત છે એવું કોઈ જગાએ લખ્યું નથી. સાયણાચાર્ય ઋગ્વેદભાષ્યની ભૂમિકામાં નીચે મુજબ જણાવે છે :

अर्थावबोधे निरपेक्षतया पदजातं यत्रोक्तं तन्निरुक्तम्। 'गौः ग्मा, ज्मा, क्ष्मा, क्षमा' इत्यारभ्य 'वसवः, वाजिनः, देवपत्न्य' इत्यन्तो यः पदानां समाम्नायः समाम्नातस्तस्मिन् ग्रन्थे पदार्थावबोधाय परापेक्षा न विद्यते, तदेतन्निरुक्तं त्रिकाण्डम्।...पञ्चाध्यायरूपे काण्डत्रयात्मके एतस्मिन्ग्रन्थे परनिरपेक्षितया पदार्थस्योक्तत्वात् तस्य ग्रन्थस्य निरुक्तत्वमिति।

યાસ્કના ગ્રન્થને માટે પણ સાયણ 'નિરુક્ત' શબ્દ જ વાપરે છે. એઓ કહે છે 'तदप्युच्यते निरुक्तम्।' આમ યાસ્કના ગ્રન્થને માટે 'નિરુક્ત' શીર્ષક વપરાય છે એની સાયણને ખબર હતી.

પ્રસ્થાનભેદના કર્તા મધુસૂદન સરસ્વતી પણ નિરુક્ત શબ્દ નિઘંટુને માટે વાપરે છે. સામશ્રમિ પણ સાયણાચાર્યને અનુસરે છે પણ કૌંસમાં નિઘંટુ શબ્દ મૂકે છે.

પ્રો. લક્ષ્મણ સ્વરૂપ જણાવે છે કે સાયણની માન્યતા ખોટી છે કારણ કે યાસ્ક જાતે એને માટે નિઘંટુ શબ્દ વાપરે છે. બીજું, કોઈ પણ ગ્રન્થને નિરુક્ત ત્યારે જ કહેવાય જ્યારે એમાં વ્યુત્પત્તિઓ સમજાવવામાં આવી હોય. પ્રો. સ્વરૂપના શબ્દો આ પ્રમાણે છે :

"सायण is evidently wrong in giving the title निरुक्तम् to the समाम्नाय, for यास्क distinctly states that it is called निघण्टु...... The list of words can only be called निघण्टु and it is wrong to call it निरुक्तम्; the term निरुक्त can be applied only when some etymological explanations are given." (Intro. to the निघण्टु. p. 13).

આ આખો જ પ્રશ્ન વિચારવા જેવો છે. નિરુક્ત કોને કહેવાય? નિઘંટુને નિરુક્ત કહી શકાય? યાસ્કનું નિરુક્ત એ નિરુક્ત છે? યાસ્ક અને નૈરુક્તોનો સંબંધ શો?

યાસ્ક બધું મળીને ૨૦ વખત नैरुक्ताः નો ઉલ્લેખ કરે છેઃ ૧.૧૨, ૨.૧૪, ૨.૧૬, ૩.૮, ૩.૧૪, ૩.૧૯, ૪.૨૪, ૫.૧૧, ૬.૧, ૬.૩, ૬.૧૧, ૭.૪, ૭.૫, ૮.૧૩, ૯.૪, ૧૧.૧૯, ૧૧.૨૯, ૧૧.૩૧, ૧૨.૧૦, ૧૨.૪૧. એમાંથી ૧૦ સ્થળોએ વ્યુત્પત્તિ આપવામાં આવી છે : ૨.૧૪માં पृश्नि<प्राश्नुते; ૩.૮માં निषाद>नि+सद्; ૩.૧૪માં तस्कर>तत्कर; ૩.૧૯માં यज्ञ>यजति; ૪.૨૪માં तायु>स्त्यान; ૬.૧માં शुचि>सिच्; ૬.૩માં सलल्रूक>सँल्लुब्ध; ૬.૧૧માં कृत्य>कृत्; ૮.૧૩માં त्वष्टृ>तूर्ण+अश; અને ૯.૪માં मंगल>मस्ज्. બાકીનાં દશ સ્થળે જુદી જુદી માન્યતાઓ આપવામાં આવી છે.તે આ પ્રમાણે છે :

નિ. ૧-૧૨. नैरुक्ताःના સિદ્ધાન્ત અનુસાર બધાં જ નામો ક્રિયાપદોમાંથી ઉદ્ભવેલાં છે,

નિ. ૨–૧૬, वृत्र=मेघ,

નિ. ૫-૧૧. સૂર્ય શુક્લપક્ષના પંદર દિવસ અને પંદર રાત્રિઓમાં જે પાણી પીએ છે તે જ ઇન્દ્રે પીધેલાં સોમનાં ત્રીસ સરોવરો છે. દુર્ગાચાર્યના કહેવા પ્રમાણે નૈરુક્તોની માન્યતા અનુસાર સૂર્ય અને ઇન્દ્ર એક જ છે.

નિ. ૭-૪. જે મંત્રોના દેવતાઓ ચોક્કસ ન હોય તે નરાશંસના મંત્રો સમજવા.

નિ. ૭-૫. દેવતાઓ માત્ર ત્રણ જ છે.

નિ. ૧૧-૧૯. ઋગ્વેદ મંત્ર ૧૦-૧૪-૬ અન્તરિક્ષ દેવતાઓનો છે.

નિ. ૧૧-૨૯. અનુમતી અને રાકા દેવોની પત્નીઓ છે.

નિ. ૧૧-૩૧. સિનીવાલી અને કુહૂ દેવોની પત્નીઓ છે.

નિ. ૧૨-૧૦. ઋગ્વેદ સૂક્ત ૧૦-૧૭ અન્તરિક્ષદેવતા ઇન્દ્ર અને વાયુનું છે.

નિ. ૧૨-૪૧. ઋગ્વેદ ૧-૧૬૪-૫૦ અને ૧૦-૯૦-૧૬ સ્વર્ગસ્થાનીય દેવતાઓના છે.

આ દશ ઉલ્લેખોમાંથી પ્રથમમાં નૈરુક્તોનો સિદ્ધાન્ત આપેલો છે. એમની માન્યતા પ્રમાણે બધા જ શબ્દો કે શબ્દોના થોડા ભાગો મૂળ ધાતુમાંથી ઉદ્ભવેલા છે. એક વાત ધ્યાનમાં રાખવા જેવી એ છે કે ઉપર જે દશ વ્યુત્પત્તિઓ નૈરુક્તોની જણાવેલી છે તેમાં દરેકમાં મૂળ ધાતુ શોધી કાઢવામાં આવ્યો છે. બાકીના નવ ઉલ્લેખોમાં કોઈ વ્યુત્પત્તિ આપવામાં આવી નથી એટલું જ નહિ પણ એ ઉલ્લેખોમાં જે મતો દર્શાવ્યા છે તેને વ્યુત્પત્તિ સાથે કાંઈ સંબંધ નથી. આ આખી જ ચર્ચા કરીને સ્કોલ્ડ કહે છે: "If the नैरुक्ताः really were etymologists in explaining words–and explaining them by trying to establish, as it were their pedigree,–this, however, was certainly not the sole doctrine of the school." (The Nirukta p. 108). તો પછી નૈરુક્તોનો સિદ્ધાન્ત શો હતો?

સ્કોલ્ડ કહે છે: "If we can judge by the relatively few passages where they are mentioned, they were rather a school of Vedic theologians, and their aim was not so much to investigate into the origin of words as to explain the Veda or certain parts of it." (એજન પૃ. ૧૦૮) આ એક વાત વિચારવા જેવી છે. અહીં ઉપરના નવ ઉલ્લેખો વિશે વિસ્તારથી વિચાર કરવાની જરૂર છે.

નિ. ૨-૧૬ માં વૃત્ર કોણ છે એની ચર્ચા કરેલી છે.

तत्को वृत्रः? मेघ इति नैरुक्ताः। त्वाष्ट्रोऽसुर इत्यैतिहासिकाः। अपां च ज्योतिषश्च मिश्रीभावकर्मणो वर्षकर्म जायते तत्रोपमार्थेन युद्धवर्णा भवन्ति।

નૈરુક્તોને મતે વૃત્ર મેઘ–વાદળ છે. ઐતિહાસિકોના અભિપ્રાય પ્રમાણે વૃત્ર અસુર હતો અને ત્વષ્ટાનો પુત્ર હતો. પાણી અને પ્રકાશના મિશ્રણથી વર્ષા થાય છે. તેને સમજાવવા માટે યુદ્ધના જેવાં વર્ણનો કરવામાં આવ્યાં છે.

નિ. ૫–૧૧ માં સોમનાં ત્રીસ સરોવરો અંગે યાજ્ઞિકો અને નૈરુક્તોનો મત બતાવ્યો છે : **तत्रैतद्याज्ञिका वेदयन्ते–त्रिंशदुक्थपात्राणि माध्यन्दिने सवने एकदेवतानि तान्येतस्मिन्काले प्रतिधानेन पिबन्ति तान्यत्र सरांस्युच्यन्ते । त्रिंशदपरपक्षस्याहोरात्रास्त्रिंशत्पूर्वपक्षस्येति नैरुक्ताः । तद्या एताश्चान्द्रमस्य आगामिन्य आपो भवन्ति रश्मयस्ता अपरपक्षे पिबन्ति ।**

ઋગ્વેદ ૮–૬૬–૪ માં કહ્યું છે કે ઇન્દ્ર એકી સાથે સોમનાં ત્રીસ સરોવરો પી ગયા. યાજ્ઞિકોના કહ્યા પ્રમાણે માધ્યંદિન સવનમાં એક દેવને માટે સોમનાં ત્રીસ ઉકથપાત્રો (libation vessels) હોય છે. તે તેઓ એકી સાથે પી જાય છે. અહીં તેને સરોવરો કહ્યાં છે. નૈરુકતોના કહ્યા મુજબ શુક્લ પક્ષના ત્રીસ રાત્રિ–દિવસ (૧૫ રાત્રિ + ૧૫ દિવસ) અને કૃષ્ણ પક્ષના ત્રીસ રાત્રિ દિવસ હોય છે. સૂર્યનાં કિરણો ચંદ્રનું પાણી (**चान्द्रमस्य आपः**) બીજા પક્ષમાં પી જાય છે.

નિ. ૭–૪ માં જેમાં દેવતાઓ અનિર્દિષ્ટ હોય તેવા મંત્રો અંગે બે અભિપ્રાયો આપેલા છે : **अथान्यत्र यज्ञात् प्राजापत्या इति याज्ञिकाः । नाराशंसा इति नैरुक्ताः ।** જે મંત્રોના દેવતાઓ નક્કી ન હોય તેમાં શું સમજવું ? જે યજ્ઞ કે યજ્ઞના વિભાગમાં તે મંત્ર વપરાયો હોય તે યજ્ઞ કે યજ્ઞાંગના દેવતાને તે મંત્રના દેવતા સમજવા. પણ જે મંત્રો યજ્ઞ કે યજ્ઞાંગમાં ઉપયુકત ન હોય તે પ્રજાપતિના ગણવા એમ યાજ્ઞિકો કહે છે અને નરાશંસના ગણવા એમ નૈરુક્તો કહે છે. આ ઉપરાંત બીજા અભિપ્રાયો યાસ્કે આપેલા છે. નરાશંસને માટે દુર્ગાચાર્ય કહે છે : **नराशंसोऽग्निर्यज्ञो वा ।**

નિ. ૭–૫ માં દેવતાઓની સંખ્યા અંગે ચર્ચા છે : **तिस्र एव देवता इति नैरुक्ताः । अग्निः पृथिवीस्थानो वायुर्वेन्द्रो वान्तरिक्षस्थानः सूर्यो द्युस्थानः । तासां माहाभाग्यात् एकैकस्या अपि बहूनि नामधेयानि भवन्ति । अपि वा कर्मपृथक्त्वाद्यथा होताध्वर्युर्ब्रह्मोद्गातेत्यप्येकस्य सतः । अपि वा पृथगेव स्युः पृथग्घि स्तुतयो भवन्ति तथाभिधानानि ।**...વગેરે. પૃથ્વી પર અગ્નિ, અન્તરિક્ષમાં વાયુ અથવા ઇન્દ્ર અને સ્વર્ગમાં સૂર્ય એમ માત્ર ત્રણ જ દેવતાઓ છે એમ નૈરુક્તો માને છે. આ દેવતાઓના બૃહત્ત્વને લીધે જુદાં જુદાં નામો વપરાય છે. કદાચ એવું પણ હોય કે જેમ એક જ બ્રાહ્મણ જુદાં જુદાં કર્મો કરવાથી હોતા, અધ્વર્યુ, બ્રહ્મા અને ઉદ્‌ગાતા એમ જુદી જુદી રીતે બોલાવાય તેમ દેવતાઓ પણ ત્રણ જ હોવા છતાં જુદાં જુદાં કર્મોને લીધે જુદાં જુદાં નામે બોલાવાય. બીજો અભિપ્રાય એવો છે કે સ્તુતિઓ તથા નામો જુદાં હોવાથી દેવો પણ જુદા જ માનવા. એ ખરું કે એક માણસ જુદાં જુદાં કામ કરે પણ જુદા જુદા માણસો પણ વહેંચીને જુદાં જુદાં કામ કરી શકે ને ? તો પછી શું એકત્વ છે જ નહિ ? એક દૃષ્ટિએ જરૂર છે. એમાં દેવતાઓનું સ્થાનૈકત્વ અને સંભોગૈકત્વ (**सम्भोगो नाम इतरेतरोपकारित्त्वम्, समानकार्यतेत्यर्थः ।**) જોવું જોઈએ. આમ ભેદ અને અભેદ બન્ને સાચા છે. તેને માટે યાસ્ક એક દૃષ્ટાન્ત આપે છે—**तत्रैतन्नरराष्ट्रमिति ।** અહીં રાષ્ટ્રની દૃષ્ટિએ અભેદ છે અને માણસોની દૃષ્ટિએ ભેદ છે.

નિ. ૧૧–૧૯માં આ પ્રમાણે ઉલ્લેખ છે : **माध्यमिको देवगण इति नैरुक्ताः । पितर इत्याख्यानम् ।** ઋગ્વેદમંત્ર ૧૦–૧૪–૬માં અંગિરસો, પિતૃઓ, અથર્વાણો અને ભૃગુઓની સ્તુતિ છે.

આ બધા અન્તરિક્ષસ્થાનના દેવતાઓ છે એમ નૈરુક્તો માને છે. આખ્યાનવિદો (આખ્યાન= tradition)ના મતે એ પિતૃઓ છે. આ પછી યાસ્ક કહે છે કે ઋષિઓની પણ સ્તુતિ કરવામાં આવે છે અને તે માટે ઋગ્વેદ મંત્ર ૭-૩૩-૮ ઉદાહરણ તરીકે આપે છે.

નિ. ૧૧-૨૯ માં જણાવ્યું છેઃ अनुमती राकेति देवपत्न्याविति नैरुक्ताः पौर्णमास्याविति याज्ञिका या पूर्वा पौर्णमासी साऽनुमतिर्योत्तरा सा राकेति विज्ञायते । નૈરુકતોને મતે અનુમતી અને રાકા દેવોની પત્નીઓ છે. યાજ્ઞિકોને અભિપ્રાયે તે પૂર્ણિમા છે. પૂર્ણિમાનો પૂર્વભાગ તે અનુમતી અને ઉત્તરભાગ તે રાકા એમ બ્રાહ્મણ ગ્રંથોમાં (ઐતરેય બ્રાહ્મણ ૭-૧૧; ષડ્વિંશ બ્રાહ્મણ ૪-૬;) જણાવ્યું છે.

નિ. ૧૧-૩૧માં સિનીવાલી અને કુહૂ અંગે આવા જ અભિપ્રાયો છે. सिनीवाली कुहूरिति देवपत्न्याविति नैरुक्ताः । अमावास्या इति याज्ञिकाः । या पूर्वामावास्या सा सिनीवाली योत्तरा सा कुहूरिति विज्ञायते ।અહીં પણ યાજ્ઞિકોને મતે સિનીવાલી અને કુહૂ અમાવાસ્યાઓ છે અને અમાવાસ્યાનો પૂર્વ ભાગ તે સિનીવાલી તથા ઉત્તર ભાગ તે કુહૂ એમ બ્રાહ્મણ ગ્રંથો (ઐતરેય બ્રા; ૮-૧; ષડ્વિંશ બ્રા. ૪-૬) જણાવે છે.

ઋગ્વેદ ૧૦-૧૭ માં જે યુગલ છે તે વિશે નિ. ૧૨-૧૦માં જણાવ્યું છેઃ मध्यमं च माध्यमिकां च वाचम् इति नैरुक्ताः। यमं च यमीं चेत्यैतिहासिकाः । નૈરુક્તોની માન્યતા પ્રમાણે અહીં ઇન્દ્ર અને માધ્યમિકા (અન્તરિક્ષની) વાક્ એ યુગલ છે. ઐતિહાસિકોને મતે અહીં યમ અને યમી છે. એ અંગેનો ઇતિહાસ પણ યાસ્ક જણાવે છે.

નિ. ૧૨-૪૧માં ઋગ્વેદ ૧૦-૯૦-૧૬ની ચર્ચા છે. તેમાં ઉલ્લેખાએલા साध्याः ને માટે બે મતો છેઃ द्युस्थानो देवगण इति नैरुक्ताः। पूर्वं देवयुगमिति आख्यानम्। નૈરુક્તોની માન્યતા પ્રમાણે साध्याः એ સ્વર્ગસ્થાનના દેવો છે અને આખ્યાનવિદોને મતે પ્રથમ યુગના દેવો છે. (First epoch of the gods).

ઉપરના નવ ઉલ્લેખો પરથી આપણે કેટલીક અગત્યની બાબતો તારવી શકીએ એમ છીએ. આ નવે નવમાં નૈરુકતોના અભિપ્રાયથી જુદા ઐતિહાસિકો, યાજ્ઞિકો કે આખ્યાનવિદો વગેરેના અભિપ્રાયો આપેલા છે. આ પરથી આપણે એમ કહી શકીએ કે તે સમયે ઋગ્વેદના મંત્રોનો અર્થ સમજાવવા માટે જુદા જુદા સંપ્રદાયો હતા. ઉલ્લેખો ઘણા ઓછા હોવા છતાં આપણે કહી શકીએ કે યાજ્ઞિકો બધે જ સ્થળે યજ્ઞનું દૃષ્ટિબિન્દુ રાખે છે અને બ્રાહ્મણગ્રંથોનો આધાર લે છે. (જુઓ. નિ. ૫-૧૧, ૭-૪, ૧૧-૨૯, ૧૧-૩૧) ઐતિહાસિકો એમ માને છે કે ઋગ્વેદવર્ણિત દેવતાઓ ઐતિહાસિક વ્યક્તિઓ હતા. (નિ. ૨-૧૬, ૧૨-૧૦), અને તે બધાની ઐતિહાસિક કથાઓ પણ છે. આખ્યાનવિદો અને ઐતિહાસિકો જુદા હોય એમ લાગતું નથી. આખ્યાન અને ઇતિહાસ બન્નેને વેદને માટે એક જ ગણીએ તે જ યોગ્ય છે. (નિ. ૧૧-૧૯ ૧૨-૪૧). નિ. ૭-૫ માં નૈરુકતોથી જુદો મત કોનો છે તે યાસ્ક જણાવતા નથી. દુર્ગાચાર્યના કહેવા પ્રમાણે એ યાજ્ઞિકોનો મત છે, અને તે વાત બરાબર લાગે છે. તો પછી નૈરુકતોની માન્યતા શી હશે?

... OF ADVANCED STUDY 40672

ઐતિહાસિકો કે આખ્યાનવિદો દેવતાઓને ઐતિહાસિક વ્યક્તિઓ અને વેદવર્ણિત પ્રસંગોને ઐતિહાસિક પ્રસંગો ગણે છે. જો આમ માનીએ તો એક મોટી મુશ્કેલી એ ઊભી થાય કે એ પ્રસંગો અને વ્યક્તિઓ અમુક ચોક્કસ સમયે અને સ્થળે થઈ ગયાં હોવાનું માનવું પડે, અને તો પછી વેદને નિત્ય માની શકાય નહિ. શ્રી વિષ્ણુપદ ભટ્ટાચાર્ય કહે છે તેમ: If the fight between the gods and demons be accepted as an historical incident, we must have to admit that it took place at some definite place and time, and this admission would strike at the very root of the view, upholding the eternal charactor of the Vedas as the latter would be perforce subjected to a spatio-temporal limitation." (Yaska's Nirukta. pp. 110-111) આમ જો વેદને નિત્ય માનવો હોય તો વેદવર્ણિત પ્રસંગોને પ્રકૃતિગત ઘટનાઓ માનવી પડે. ઉપરના નૈરુક્તોના ઉલ્લેખો જોતાં એમ લાગે છે કે નૈરુક્તો વેદવર્ણિત પ્રસંગોને પ્રકૃતિની ઘટનાઓના અર્થમાં ઘટાવતા. એમાં નિ. ૨.૧૬ તદ્દન સ્પષ્ટ છે–अपां च ज्योतिषश्च मिश्रीभावकर्मणा वर्षकर्म जायते। तत्रोपमार्थेन युद्धवर्णा भवन्ति। નિ. ૧૧.૨૯ અને ૧૧.૩૧ સિવાય બધા જ ઉલ્લેખો આ પ્રકારના કહી શકાય. ૧૧.૨૯ તથા ૧૧.૩૧માં યાજ્ઞિકોના અભિપ્રાયમાં પ્રકૃતિતત્ત્વ છે એ ખરું પણ તેથી નૈરુક્તોના મતમાં કોઈ વિરોધ આવતો હોય એમ કહેવું મુશ્કેલ છે.

હવે 'નિરુક્ત' શબ્દનો અર્થ શો થાય એ વિચારવા જેવું છે. પ્રો. લક્ષ્મણ સ્વરૂપ એને "The oldest Indian treatise on etymology. philology and semantics" કહે છે. શ્રી મોનીઅર વીલીઅમ્સ એમના શબ્દકોશમાં આ પ્રમાણે અર્થો આપે છે.:

Nirukta :–Uttered, Pronounced, expressed, explained, defined, Br. Up.; Mbh. &c.; Declared for (nom.), Mbh.; explicitly mentioned or enjoined, Ās'v. Gr ;...; interpreted i e. become manifest, fulfilled, accomplished (as a word), Mbh. X. 1316; n. explanation or etymological interpretation of a word, Ch. Up. VIII. 3–3;.......N. of sev. wks, especially of a comm. on the Nighaṇṭus by Yāska.

Nirvacana ;–Speaking out, pronouncing, 'Sānkha. S'r.; a saying or proverb Mbh; interpretation, explanation, etymology, Mbh.

આમ નિરુક્ત, निर+वच् ધાતુ અને નિર્વચન એ શબ્દોના ઘણા અર્થો થાય છે, જેમાંનો એક અર્થ 'વ્યુત્પત્તિ' એવો છે. નિરુક્તને એક રીતે વ્યુત્પત્તિનું શાસ્ત્ર કહી શકાય કારણ કે એમાં શબ્દોની વ્યુત્પત્તિઓ આપવામાં આવી છે, પણ ખરેખર એ દૃષ્ટિબિન્દુ બરાબર છે? યાસ્કના ગ્રન્થમાં નિર્વચન શબ્દ ઘણી વખત વપરાયો છે અને ત્યાં એનો અર્થ

'વ્યુત્પત્તિ' એવો નથી થતો એમ સ્કોલ્ડ સાચું જ કહે છે. એના ઉદાહરણ તરીકે સ્કોલ્ડ નિ. ૫. ૮.નું વાક્ય ટાંકે છે. અહીં शिपिविष्ट શબ્દ સમજાવવા માટે ઋગ્વેદ મંત્ર ૭. ૧૦૦. ૬. ટાંક્યા પછી યાસ્ક કહે છે—तस्योत्तरा भूयसे निर्वचनाय। અને બીજા મંત્ર ટાંકે છે. આ વાક્યનો અર્થ 'તેને વધારે સમજાવવા માટે' એટલો જ થાય. અહીં વ્યુત્પત્તિનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

દુર્ગાચાર્ય એમની ભૂમિકામાં વેદાંગ નિરુકત વિશે આ પ્રમાણે કહે છે: प्रधानं चेदमितरेभ्योऽङ्गेभ्यः सर्वशास्त्रेभ्यश्चार्थपरिज्ञानाभिनिवेशात्। अर्थो हि प्रधानं तद्गुणः शब्दः यथ शब्दलक्षणपरिज्ञानं सर्वशास्त्रेषु व्याकरणात्, एवं सर्वशब्दार्थनिर्वचनपरिज्ञानं निरुक्तात्। આમ દુર્ગના કહેવા પ્રમાણે જેમ વ્યાકરણથી શબ્દનાં રૂપસિદ્ધિ આદિની ખબર પડે છે તેમ નિરુકતથી શબ્દના અર્થનું નિર્વચન જણાય છે. અહીં નિર્વચન એટલે 'વ્યુત્પત્તિ' એવો અર્થ નથી થતો, માત્ર 'સમજૂતી' એવો જ અર્થ યોગ્ય છે. દુર્ગ કહે છે કે શબ્દ ગૌણ છે, અર્થ પ્રધાન છે. વ્યુત્પત્તિમાં શબ્દ ગૌણ છે એમ કહેવું એ યોગ્ય છે?

નિરુકતનાં પ્રયોજનો યાસ્કે આપ્યાં છે અને તે આપણે ઉપર જોયાં. એમાં પણ યાસ્ક વેદના અર્થજ્ઞાનને માટે આ શાસ્ત્ર આવશ્યક છે એમ જણાવે છે. અજ્ઞાનનિન્દામાં પણ જે વેદ જાણે છે, પણ તેનો અર્થ નથી જાણતો તેની જ નિન્દા કરી છે. યાસ્કે નિર્વચનના જે સિદ્ધાંતો આપ્યા છે તેમાં પણ અર્થ ઉપર જ ભાર મૂકયો છે. આમ નિરુકતનું પ્રયોજન વેદમંત્રોના શબ્દોનું અર્થજ્ઞાન છે એમ યાસ્ક તથા દુર્ગ બન્નેના કહેવાથી આપણે કહી શકીએ.

હવે એક વિચારવા જેવું એ છે કે વેદના શબ્દોના અર્થજ્ઞાન માટે નૈરુકતોની પદ્ધતિ કેવી હતી? એને માટે ઉપર જે દશ ઉલ્લેખોમાં શબ્દોની વ્યુત્પત્તિઓ આપી છે એમ આપણે કહ્યું તે જોવાથી આછો ખ્યાલ આવી શકે. તે બધા ઉલ્લેખો આ પ્રમાણે છે:

નિ. ૨. ૧૪. पृश्निरादित्यो भवति–प्राश्नुत एनं वर्ण इति नैरुक्ताः संस्प्रष्टा रसान्। संस्प्रष्टा भासं ज्योतिषाम्। વગેરે.

નિ. ૩. ૮. निषादः कस्मान्निषदनो भवति निषण्णमस्मिन्पापकमिति नैरुक्ताः।

નિ. ૩. ૧૪. तस्करस्तत्करो भवति करोति यत्पापकमिति नैरुक्ताः। तनोतेर्वा स्यात्सन्ततकर्मा भवति। अहोरात्रकर्मा वा।

નિ. ૩. ૧૯. यज्ञः कस्मात्प्रख्यातं यजतिकर्मेति नैरुक्ताः। याच्ञो भवतीति वा यजुरुन्नो भवतीति वा बहुकृष्णाजिन इत्यौपमन्यवो यजूंष्येनं नयन्तीति वा।

નિ. ૪. ૨૪. तायुरिति स्तेननाम, संस्त्यानमस्मिन्पापकमिति नैरुक्ताः। तस्यतेर्वा स्यात्

નિ. ૬. ૧. शुचिः शोचतेर्ज्वलतिकर्मणः। अयमपीतरः शुचिरेतस्मादेव। निष्षिक्तमस्मात्पापकमिति नैरुक्ताः।

નિ. ૬. ૩. सललूकं संलुब्धं भवति पापकमिति नैरुक्ताः। सररूकं वा स्यात्स-र्तेरभ्यस्तात्

નિ. ૬. ૧૧. कव्यं विक्रान्ताज्जायत इति नैरुक्ताः।

નિ. ૮. ૧૩. त्वष्टा तूर्णमश्नुत इति नैरुक्ताः। त्विषेर्वा स्याद्दीप्तिकर्मणः त्वक्षतेर्वा स्यात्करोतिकर्मणः।

નિ. ૯. ૪. मङ्गलं गिरतेर्गृणात्यर्थे गिरत्यनर्थानिति वा। अङ्गलमङ्गवत्। मज्जयति पापकमिति नैरुक्ताः। मां गच्छत्विति वा।

ઉપરના દસે ઉલ્લેખો ધ્યાનથી જોતાં કેટલાક અગત્યના મુદ્દાઓ ફલિત થાય છે. પ્રથમ તો એક સ્થાન–૬.૧૧., બાદ કરતાં બાકીના બધા જ ઉલ્લેખોમાં નૈરુકતોના મત ઉપરાંત યાસ્ક બીજાં પણ નિર્વચનો આપે છે. બીજું એ કે નૈરુકતોનાં નિર્વચનોમાં અમુક ચોક્કસ પદ્ધતિ અપનાવવામાં આવી છે. બ્રાહ્મણગ્રંથોમાં આ પ્રકારનાં નિર્વચનો આપવામાં આવ્યાં છે. યાસ્ક જાતે પણ આવાં નિર્વચનો ટાંકે છે; જેમકે નિ. ૨. ૧૭ માં તૈત્તિરીય સંહિતાનું વાક્ય '**यदवृणोत्तद् वृत्रस्य वृत्रत्वम्**' વગેરે (તૈ. સં. ૨. ૪. ૧૨. ૨.) ટાંકે છે.

આ બધું જોતાં આપણે નૈરુકતોને માટે નીચેની બાબતો કહી શકીએ એમ છીએ.

(૧) **नैरुक्ताः** એ વેદનો **અર્થ** અમુક રીતે ઘટાવનાર સંપ્રદાય હતો.

(૨) વેદવર્ણિત દેવો અને પ્રસંગો વિવિધ પ્રકૃતિગત ઘટનાઓ છે એ સિદ્ધાન્તને આધારે નૈરુકતો વેદનું **અર્થ**ઘટન કરતા.

(૩) વેદના જ્ઞાન માટે વેદના શબ્દોનું જ માત્ર જ્ઞાન નહિ પણ વેદના શબ્દોના **અર્થ**નું પણ જ્ઞાન આવશ્યક છે એમ નૈરુકતો માનતા.

(૪) વેદમાં આવતા શબ્દોનો **અર્થ** સમજવા માટે એ શબ્દોને સમજાવવાનો નૈરુકતોએ પ્રયત્ન કરેલો. જેવી રીતે બ્રાહ્મણગ્રંથોમાં અને ઉપનિષદોમાં શબ્દોને સમજાવવામાં આવ્યા છે, તેવી જ રીતે નૈરુકતો પણ સમજાવતા. આમ નૈરુક્તોએ જે નિર્વચનો આપ્યાં એમાં વ્યુત્પત્તિનું તત્ત્વ જરૂર હતું પણ એ નિર્વચન પાછળ વ્યુત્પત્તિ આપવાનો હેતુ નહિ પણ એ દ્વારા શબ્દનો **અર્થ** સમજાવવાનો જ હેતુ હતો એ ધ્યાનમાં રાખવું જોઈએ.

આટલું નક્કી કર્યા પછી આપણે બીજા પ્રશ્નોનો વિચાર કરીએ. આપણે ઉપર જોયું કે સાયણાચાર્ય નિઘંટુને નિરુક્ત કહે છે. એમના કહેવા પ્રમાણે જેમાં **અર્થ**બોધને માટે જુદા જુદા શબ્દોનો સંગ્રહ કરવામાં આવ્યો હોય તેને નિરુકત કહેવાય. સાયણાચાર્ય નિઘંટુને સ્પષ્ટ રીતે જ નિરુકત કહે છે. નૈઘંટુકકાંડમાં પ્રત્યેક શબ્દસમૂહની પાછળ **અર્થ** આપેલો છે, દૈવતકાંડમાં પણ અમુક પ્રકારની વ્યવસ્થા છે એ આપણે જોયું. દૈવતકાંડમાં સ્થાન અનુસાર દેવતાઓનાં નામોની વ્યવસ્થા કરેલી છે, અને એ રીતે જોતાં નૈરુકતોનો અગત્યનો સિદ્ધાંત–કે વેદવર્ણિત દેવો પ્રકૃતિગત ઘટનાઓ છે–એમાં અમુક અંશે છે. પ્રથમ કાંડમાં તો **અર્થ** આપેલા છે, જો કે એમાં નિર્વચનની પદ્ધતિ નથી. નૈગમકાંડમાં કાંઈ જ નથી. દુર્ગાચાર્ય એની ભૂમિકામાં જણાવે છેઃ **अथास्यैवमखिलपुरुषार्थोपकारवृत्तिसमर्थस्य संग्रहः। ......तस्यैषा गवाद्या देवपत्न्यन्ता पञ्चाध्यायी सूत्रसंग्रहः।** આમ નિઘંટુ એ નિરુકતશાસ્ત્રનો સૂત્રસંગ્રહ છે. આ દૃષ્ટિએ નિઘંટુને નિરુકત જ કહીએ તો કાંઈ જ ખોટું નથી. યાસ્ક એને માટે નિરુકત શબ્દ **નથી** વાપરતા આથી સાયણાચાર્યનું કહેવું ખોટું છે એવી શ્રી. સ્વરૂપની દલીલ મને તો બરાબર લાગતી નથી. યાસ્ક જાતે પોતાના ગ્રન્થને પણ નિરુકત નથી કહેતા, તો પછી સ્વરૂપ એને પણ કેવી રીતે નિરુકત કહી શકે?

હવે એ જોઈએ કે યાસ્ક નૈરુકત હતા કે નહિ, તથા યાસ્કના ગ્રન્થને નિરુકત કહી શકાય કે નહિ યાસ્કને નૈરુકત માનવામાં શંકા ઉત્પન્ન થાય એવા કેટલાક મુદ્દાઓ છે,

બૃહદ્દેવતામાં નૈરુક્તોનો ઉલ્લેખ આ પ્રમાણે કરવામાં આવેલો છે :

तत् खल्वाहुः कतिभ्यस्तु कर्मभ्यो नाम जायते ।
सत्त्वानां वैदिकानां वा यद्वान्यदिह किंचन ॥
नवभ्य इति नैरुक्ताः पुराणाः कवयश्च ये ।
मधूकः श्वेतकेतुश्च गालवश्चैव मन्यते ॥
निवासात् कर्मणो रूपात् मङ्गलाद्वाच आशिषः ।
यदृच्छयोपवसनात् तथामुष्यायणाच्च यत् ॥
चतुर्भ्य इति तत्राहुर्यास्कगार्ग्यरथीतराः ।
आशिषोऽथार्थवैरूप्यात् वाचः कर्मण एव च ॥ (૧.૨૩.૨૬)

આ શ્લોકોમાં કહ્યું છે કે નૈરુક્તો, પ્રાચીન વિદ્વાનો, મધૂક, શ્વેતકેતુ અને ગાલવ માને છે કે નામની ઉત્પત્તિ નવ પ્રકારે થાય છે. યાસ્ક, ગાર્ગ્ય અને રથીતર એવો અભિપ્રાય આપે છે કે નામની ઉત્પત્તિ ચાર પ્રકારે થાય છે. અહીં આપણે જોઈ શકીએ છીએ કે યાસ્કનો અભિપ્રાય નૈરુકતોથી જુદો છે.

નિ. ૧.૧૭માં યાસ્ક નૈરુકતોનો મત આપે છે કે **'सर्वाणि नामानि आख्यातजानि'** અને તે અંગે ચર્ચા પણ કરે છે, આમ છતાં **'सत्य'** શબ્દની વ્યુત્પત્તિ આપતાં શાકટાયન બે ધાતુઓનો ઉપયોગ કરે છે, તેની યાસ્ક ટીકા પણ કરે છે. અને શાકટાયન જો જાતે નૈરુકત ન હોય (પતંજલિ એમને વૈયાકરણ માને છે) તો પણ એમનો અભિપ્રાય નૈરુકતોના જેવો જ છે એ ધ્યાનમાં રાખવું જોઈએ. બીજું એક અગત્યનું વિધાન સ્કોલ્ડે કર્યું છે : "But what is perhaps of most importance is that his etymological practice does not agree with that of the नैरुक्ताः, as he often derives words from nouns, quite contrary to their doctrine as exposed in N. 1–12." (The Nirukta p. 114). આ બાબતમાં સ્વતંત્ર અભિપ્રાય આપવા માટે યાસ્કનાં બધાં જ નિર્વચનોનો અભ્યાસ કરવો પડે અને તેને માટે અહીં અવકાશ નથી. સ્કોલ્ડે બધાં જ નિર્વચનો તપાસેલાં છે, એ બધાંની યાદી પણ આપી છે એટલે એમનું આ વિધાન ન માનવાનું કોઈ કારણ નથી.

ઉપરના મુદ્દાઓને આધારે સ્કોલ્ડ યાસ્કના નૈરુકત હોવા સંબંધમાં શંકા ઊભી કરે છે. એ શંકાને ટેકો આપે એવી બીજી કેટલીક બાબતો મારા ધ્યાનમાં આવી છે, તે હું જણાવું છું.

સ્કોલ્ડ કહે છે કે માત્ર ત્રણ જ દેવતાઓ છે એવો નૈરુકતોનો સિદ્ધાંત યાસ્કને માન્ય નથી. (The Nirukta p. 114) નિ. ૭–૫ માં યાસ્ક નૈરુકતો અને યાજ્ઞિકોના વિરુદ્ધ અભિપ્રાયોનું સમાધાન કરતા હોય એમ લાગે છે. નૈરુકતોના જે નવ ઉલ્લેખો (જેમાં નિર્વચન નથી) આપણે ઉપર જણાવ્યા એમાં બધામાં જ નૈરુકતોના અભિપ્રાય વિરુદ્ધ ઐતિહાસિકો કે યાજ્ઞિકોના મતો આપેલા છે, અને નિ. ૨. ૧૬ ને બાદ કરતાં બાકીના આઠમાં યાસ્ક જાતે નૈરુકતોના અભિપ્રાય સાથે સંમત થાય છે એવું આપણે કહી શકતા નથી. ઊલટું કેટલીક વખત તો યાસ્કનું વલણ નૈરુકતોના મતથી જુદું જ હોય એમ લાગે છે. નિ. ૧૧.૧૯ માં આપણે જોયું કે

નૈરુકતો અને આખ્યાનવિદોના અભિપ્રાયો આપ્યા પછી યાસ્ક જે દલીલ કરે છે અને ઉત્તર આપે છે તે આખ્યાનવિદોને ટેકો આપે છે. તે જ રીતે નિ. ૧૨–૧૦ માં અભિપ્રાયો આપ્યા પછી યાસ્ક યમ–યમીને માટે ઇતિહાસ પણ કહે છે; આ ઇતિહાસ ઐતિહાસિકો આપે છે. જ્યાં જ્યાં નિર્વચનો આપવામાં આવ્યાં છે એવા દસ ઉલ્લેખોમાં પણ યાસ્ક નિ. ૬–૧૧ બાદ કરતાં વિકલ્પે બીજાં નિર્વચનો આપે છે; અને નૈરુકતોનાં નિર્વચનો કરતાં એ વધારે ઉચિત પણ લાગે છે.

ઉપર આપણે જોયું કે નૈરુકતો વેદવર્ણિત પ્રસંગોને અને વ્યકિતઓને પ્રકૃતિગત ઘટનાઓ તરીકે સમજાવતા, જ્યારે ઐતિહાસિકો એને ઐતિહાસિક વ્યકિતઓ અને પ્રસંગો તરીકે લેખાવતા. આમ નૈરુકતોના મતને નિત્યપક્ષ કહી શકાય, અને ઐતિહાસિકોના અભિપ્રાયને આખ્યાનપક્ષ કહેવો યોગ્ય છે. યાસ્કના નિરુકતમાં ઋગ્વેદના ઘણા મંત્રો આખ્યાનપક્ષની દૃષ્ટિએ સમજાવેલા છે એ ધ્યાનમાં લેવું જોઇએ. નિ. ૨–૧૦–૧૨ માં ઋગ્વેદ ૧૦–૯૮–૫, ૭ ટાંકીને દેવાપિ અને શન્તનુની કથા આપેલી છે. નિ. ૨–૨૫–૨૭ માં વિશ્વામિત્ર અને નદીઓની કથા ઋગ્વેદ મંત્ર ૭-૩૩-૫ ટાંકીને આપેલી છે. ઋગ્વેદ ૧-૪૫-૩ ટાંકીને નિ. ૩-૧૭ માં યાસ્ક કહે છેઃ **अर्चिषि भृगुः सम्बभूव**। આ પણ આખ્યાનપક્ષને અનુસરે છે. નિ. ૪-૪૬ માં જણાવ્યું છે કે ત્રિત જ્યારે કૂવામાં પડી ગયા ત્યારે ઋગ્વેદ ૧-૧૦૮ નું પ્રતિભાન થયેલું. આ પણ ઐતિહાસિક પક્ષ અનુસાર છે. તે જ રીતે ઋગ્વેદ ૧૦-૮૫-૧૦ સમજાવવામાં યાસ્ક (નિ. ૧૨-૮) આખ્યાન પક્ષને અનુસરે છે. આવાં બીજાં પણ ઉદાહરણો બતાવી શકાય એમ છે. આ બધે સ્થળે સ્કન્દસ્વામી એમની ટીકામાં નૈરુકતોના પક્ષને અનુસરીને બીજો અર્થ આપે છે એ નોંધવું જોઇએ.

ઉપરના મુદ્દાઓ પર વિચાર કરતાં આપણે જરૂર કહી શકીએ કે યાસ્ક જાતે નૈરુકત હતા એમ આપણી જે સામાન્ય માન્યતા છે તે શંકાસ્પદ છે. કદાચ યાસ્ક નૈરુકત ન હોય એમ માનવું વધારે સયુકિતક લાગે છે. યાસ્ક કદાચ જાતે નૈરુકત ન હોય એમ માનીએ તો યાસ્કે લખેલા ગ્રન્થને નિરુકત કહી શકાય? નિરુકત શબ્દનો અર્થ માત્ર 'વ્યાખ્યાન' એવો જ કરીએ તો એને નિરુકત કહેવામાં કાંઈ વાંધો લાગતો નથી. આપણે ત્યાં એવા દાખલાઓ છે કે અમુક અભિપ્રાયને સંપૂર્ણ રીતે ન અનુસરનારા લેખકોએ પણ તે તે વિદ્યાશાખાના ગ્રંથો પર ટીકા લખી છે. યાસ્કે તો માત્ર સમામ્નાય પર ભાષ્ય જ લખ્યું છે અને ભાષ્યને નિરુકત કહી શકાય. સમામ્નાય નૈરુકતોની રચના હોઈ શકે – કદાચ એવા બીજા ઘણા સમામ્નાયો પણ હોઈ શકે – અને નૈરુકતોની રચના પર ભાષ્ય લખનાર જાતે નૈરુકત ન હોય તો પણ એ ભાષ્યને નિરુકત–સામાન્ય અર્થમાં, અને પછી કાલાન્તરે એ ભાષ્યના નામ તરીકે જ–કહેવાયું હોય એમ થઈ શકે. યાસ્ક જાતે તો પોતાના ગ્રંથને નિરુકત કહેતા નથી. મહાભારતમાં (શાન્તિપર્વ, ૩૨૪-૭૨-૭૩) યાસ્ક અને નિરુકતનો જે ઉલ્લેખ આવે છે તેને આપણે આ પ્રકારે સમજી શકીએ.

(૪) યાસ્કના કેટલાક અગત્યના સિદ્ધાન્તો :

નિરુકતમાં યાસ્કે કેટલીક અગત્યની ચર્ચાઓ કરી છે. તેને આપણે બે વિભાગમાં જોઈ શકીએ.

૧. કેટલી ચર્ચાઓ ભાષાની દૃષ્ટિએ મહત્વની છે, તેમાં યાસ્કની માન્યતા પ્રમાણે શબ્દોના પ્રકારો, બધાં જ નામો ધાતુઓમાથી આવ્યાં છે એવો નૈરુકતોનો સિદ્ધાન્ત અને યાસ્કે આપેલા નિર્વચનના નિયમો આવી જાય છે.

૨. કેટલીક ચર્ચાઓ વેદના અર્થઘટન અંગેની છે; તેમાં કૌત્સનો મન્ત્રો અનર્થક છે એવો મત, તેમજ ઋગ્વેદમંત્રોના પ્રકારો, દેવોની સંખ્યા, તથા સ્વરૂપની ચર્ચા સમાવી શકાય.

આ બન્ને આપણે વારાફરથી વિચરીએ.

ભાષાવિષયક વિચારો :

યાસ્કના જણાવ્યા પ્રમાણે શબ્દો ચાર પ્રકારના હોય છે: નામ, આખ્યાત (=ક્રિયાપદ), ઉપસર્ગ અને નિપાત. નામ અને આખ્યાત સમજાવતાં યાસ્ક કહે છે કે **भावप्रधानमाख्यातं सत्त्वप्रधानानि नामानि।** આમ ક્રિયાપદમાં ભાવ (becoming) મુખ્ય હોય છે, નામમાં સત્ત્વ (being) પ્રધાન હોય છે. હવે જો બન્નેમાં ભાવ જ મુખ્ય હોય તો નામ અને આખ્યાત વચ્ચેનો ભેદ કેમ સમજવો? યાસ્ક જણાવે છે કે જેમાં એક પછી એક ક્રિયાઓ થતી હોય તો તેને આખ્યાત કહેવાય, જેમકે '**गच्छति।**' એમાં જનાર વ્યક્તિ ઘણી ક્રિયાઓ કરતી હોય છે, જેમકે જોડા પહેરવા, એક પગ ઉપાડવો, પછી બીજો ઉપાડવો, વચ્ચે જરૂર પડે ત્યાં વળવું વગેરે. આ બધી જ ક્રિયાઓ કરનારને માટે આપણે કહીએ કે 'તે જાય છે.' આમ છતાં જ્યારે આ બધી જ ક્રિયાઓનો આખો જ વ્યાપાર એક સત્ત્વ તરીકે લઈને આપણે **ગમન** શબ્દ વાપરીએ, 'તે ગમન કરે છે', તો તે નામ બને છે. આ રીતે ભાવવાચક નામ અને ક્રિયાપદ વચ્ચેનો ભેદ યાસ્ક સમજાવે છે.

વાર્ષ્યાયણિના જણાવ્યા પ્રમાણે ભાવના વિકારો છ હોય છે-ઉત્પન્ન થાય છે, છે (=exists), બદલાય છે, વધે છે, ઘટે છે અને નાશ પામે છે.

ઉપસર્ગો નામ અને આખ્યાતના અર્થમાં ફેરફાર લાવે છે.

નિપાત ત્રણ પ્રકારના છે-ઉપમાવાચક, કર્મોપસંગ્રહાર્થીય અને પદપૂરણ. યાસ્ક આ બધાની યાદી આપે છે,

યાસ્કે નામ અને આખ્યાતની જે વ્યાખ્યા આપી છે તેની સાથે ઍરિસ્ટોટલે આપેલી વ્યાખ્યાઓ સરખાવવા જેવી છે: "A noun or a name is a composite significant sound not involving the idea of time, with parts which have no significance by themselves in it. A verb is a composite significant sound involving the idea of time, with parts which have no significance by themselves in it. Whereas the word 'man' or 'white' does not imply when, 'walks' and 'has walked' involve in addition to the idea of walking that of time present or time past." આમ ઍરિસ્ટોટલે કાળને મહત્ત્વ આપ્યું છે, જ્યારે યાસ્કે ભાવને મુખ્ય ગણ્યો છે. બીજું યાસ્કે જે સત્ત્વભૂત નામની ચર્ચા કરી છે તે ઍરિસ્ટોટલે કરી નથી.

નામ અને આખ્યાતનાં લક્ષણો સમજાવતાં યાસ્કે એક અગત્યની ચર્ચા કરેલી છે. ઔદુમ્બરાયણ કહે છે કે શબ્દો ઇન્દ્રિયનિત્ય છે અર્થાત્ અનિત્ય છે. હવે જો વાક્યમાં શબ્દો

અને શબ્દમાં અક્ષરો અનિત્ય હોય તો આવા ચાર વિભાગો થઈ ન શકે, શબ્દો એકબીજાની સાથે સંબન્ધમાં ન આવી શકે અને શબ્દો પણ સિદ્ધ ન થાય. આના જવાબમાં યાસ્ક કહે છે કે શબ્દો વ્યાપ્તિમાન હોય છે. દુર્ગાચાર્યની વૃત્તિને આધારે આપણે કહી શકીએ કે આપણા અસંપ્રજ્ઞાત ચિત્તમાં શબ્દોની નિત્ય આકૃતિઓ હોય છે. આ આકૃતિઓ શબ્દ દ્વારા અસંપ્રજ્ઞાતમાંથી સંપ્રજ્ઞાત ચિત્તમાં આવે અને એ રીતે આપણને ભાષા દ્વારા અર્થ સમજાય છે. બીજું એ કે ભાષાને બદલે ચેષ્ટા વગેરેનો ઉપયોગ કરીએ તો પણ અર્થ તો સમજાય, પણ આપણે ભાષા દ્વારા જે સૂક્ષ્મતા અને સ્પષ્ટતા દર્શાવી શકીએ તે ચેષ્ટાથી થઈ ન શકે, આથી જ વ્યવહારમાં ભાષાનો ઉપયોગ થાય છે. આમ શબ્દોમાં વ્યાપ્તિમત્ત્વ ઉપરાંત અણીયસ્ત્વ પણ છે.

નામ કઈ રીતે આપવામાં આવે છે એ અંગેની ચર્ચા નિરુકતના પ્રથમ અધ્યાયમાં મળે છે. નૈરુકતો અને શાકટાયન માને છે કે બધાં જ નામો આખ્યાતમાંથી ઉત્પન્ન થાય છે. ગાર્ગ્ય અને કેટલાક વૈયાકરણોના અભિપ્રાયે બધાં નામો નહિ પણ થોડાંક જ નામો ધાતુઓમાંથી ઉત્પન્ન થયેલાં ગણી શકાય. અહીં ગાર્ગ્ય વગેરેની દલીલ આ પ્રમાણે છે:

૧. દરેક માણસ જે કામ કરે તે નામે તે ઓળખાવો જોઈએ. જે કોઈ રસ્તો કાપે તેને **अध्वानम् अश्नोति–अश्व** કહેવો.

૨. દરેકને તે તે કામ અનુસાર જુદાં જુદાં નામો આપવાં જોઈએ. સ્તંભને માત્ર **स्थूणा** જ નહિ પણ **दरशया (=दरे शेते)** વગેરે નામો આપી શકાય.

૩. નામો એવી રીતે આપવાં જોઈએ કે જે વ્યાકરણના નિયમો પ્રમાણે ધાતુમાંથી આવેલાં છે એમ સમજી શકાય. **पुरुष**ને બદલે **पुरिशय, अश्व**ને બદલે **अष्टा** તથા **तृण**ને બદલે **तर्दन** કહેવું જોઇએ.

૪. સત્ત્વ ભાવના કરતાં પહેલું હોય છે. ઘોડો ચાલે તે પહેલાં અસ્તિત્વમાં હોય છે જ પણ ચાલે ત્યારે જ એને અશ્વ કહેવાય તો તે પહેલાં એને નામ જ ન અપાય.

૫. નામ સમજાવવાને માટે ઘણી વખત વિચાર કરવો પડે છે. **पृथिवी** શબ્દ **प्रथ्** ધાતુમાંથી આવેલો છે. તો **पृथिवी**ને કોણે વિસ્તારી ?- શાને આધારે વિસ્તારી ? –વગેરે પ્રશ્નો ઉત્પન્ન થાય છે.

આ દલીલોનો જવાબ આ રીતે અપાયો છે:

૧. ઘણી વ્યકિતઓ એક જ ક્રિયા સાથે સંકળાયેલી હોવા છતાં દરેકને તે નામ આપવામાં આવતું નથી, પણ માત્ર અમુકને જ આપવામાં આવે છે. આ આપણે જગતમાં જોઈએ છીએ.

૨. એક જ વ્યકિત ઘણી ક્રિયાઓ સાથે સંકળાએલી હોવા છતાં એને બધાં જ નામો આપવામાં નથી આવતાં પણ માત્ર અમુક જ નામો આપવામાં આવે છે એ પણ આપણે જગતમાં જોઈએ છીએ.

૩. ભાષામાં એવા પણ શબ્દો છે કે જે ધાતુઓમાંથી વ્યાકરણના નિયમો અનુસાર આવેલા છે; જેમકે **जागरूक**.

૪. પાછળથી આવતી ક્રિયાઓને આધારે પણ નામ આપવામાં આવે છે.

૫. **पृथिवी** શબ્દ **प्रथ्** પરથી આવ્યો એટલું જ બસ છે. પૃથ્વીનો વિસ્તાર કોણે કર્યો કે શાને આધારે કર્યો એ બધું વિચારવાની જરૂર જ નથી.

આખી ચર્ચામાં એક બે બાબતો ધ્યાનમાં રાખવા યોગ્ય લાગે છે. પ્રથમ તો યાસ્કે જે જવાબો આપ્યા છે એ બધામાં પૂર્વપક્ષે રજ કરેલી હકીકતો સ્વીકારી લીધેલી છે. આ રીતે નામો આપવામાં આવેલાં છે એટલે એમાં આમ કેમ નથી અને તેમ કેમ નથી એવા પ્રશ્નો ન પૂછવા જોઈએ—કાંઈક એવા પ્રકારના જવાબો છે. બીજું એ ધ્યાનમાં રાખવા જેવું છે કે નામો બધાં જ આખ્યાતમાંથી આવેલાં છે એમ સ્વીકારવામાં ભાષાના વિકાસમાં રૂઢિ જે ભાગ ભજવે છે તેનો વિચાર જ કરવામાં નથી આવ્યો. નામો આખ્યાતને આધારે આપવામાં આવે છે એમ ભલે માનવામાં આવે પણ એમાં જે રૂઢિ (= convention)નું તત્ત્વ છે તે સ્વીકારવું જોઈએ.

નિરુક્તના બીજા અધ્યાયના આરંભમાં યાસ્કે નિર્વચનના સિદ્ધાન્તો આપેલા છે. એ બધા જ સિદ્ધાન્તોને ક્રમવાર વ્યવસ્થિત રીતે આપવા મુશ્કેલ છે. સ્કોલ્ડના જણાવ્યા મુજબ આ બધાને જ માત્ર એક નિયમમાં સમાવી શકાય— "Any sound, in any position and in any epoch, can become any other sound." સ્કોલ્ડને અનુસરીને આપણે ઉદાહરણોને આધારે યાસ્કના નિર્વચનો અંગેના નિયમો નીચે મુજબ ઘડી શકીએ:

૧. કેટલાક રૂપોમાં મૂળ ધાતુનો કોઈ પણ વર્ણ રહેતો નથી; **प्रत्तम्** > **प्र** + √**दा**; **अवत्तम्** > **अव** + √**दा**

૨. મૂળ ધાતુનો એક વ્યંજન જ માત્ર રહે; **स्तः**, **सन्ति** > √**अस्**

૩. વ્યંજન + સ્વર + વ્યંજન આવતા હોય એવા ધાતુમાંથી અન્ત્ય વ્યંજન જતો રહે છે: **गत्वा** > √**गम्**.

૪. આવા ધાતુઓમાં મધ્યે આવતો સ્વર પણ જતો રહે છે; **जग्मतुः** > √**गम्**.

૫. હ્રસ્વ સ્વર પછી શબ્દને અંતે અનુનાસિક આવે તો દીર્ઘ સ્વર થાય; **राजा** > **राजन्**

૬. એક વ્યંજન પડતો મૂકવામાં આવે; **तत्** + **त्वा** = **तत्वा**

૭. બે વર્ણો અથવા સ્વર પડતા મૂકવામાં આવે; **त्रि** + **ऋच** = **तृच**.

૮. ધાતુનો આરંભનો વ્યંજન ફેરવાઈ જાય છે; **ज्योति** > √**द्युत्**.

૯. એક સ્વરની આજુબાજુ આવતા બે વ્યંજનોની અદલાબદલી થાય; **सिकताः** > √**कस्**.

૧૦. ધાતુનો અન્ત્ય વ્યંજન 'ह्' હોય તો તેનો 'घ' કે 'ध' થાય;

ઓઘ > √वह् ; વધૂ > √वह.

૧૧. ધાતુમાં વર્ણનો ઉમેરો થાય; आस्थत् > √अस्.

૧૨. સંપ્રસારણ અનુસાર ફેરફાર થાય; मृदु > √म्रद्.

૧૩. વૈદિક શબ્દો ભાષાના ધાતુઓમાંથી આવે; दमूनाः > √दम्.

૧૪. ભાષાના શબ્દો વૈદિક ધાતુઓમાંથી આવે; उष्ण > √उष्.

૧૫. કેટલાક શબ્દો અને તેના મૂળ ધાતુઓ જુદા જુદા પ્રદેશોમાં વપરાતી બોલીઓમાં હોય. √दा = કાપવું પૂર્વમાં વપરાય છે, પણ दात्र માત્ર ઉત્તરમાં વપરાય છે.

૧૬. તદ્ધિત પ્રત્યયોને છૂટા પાડીને નિર્વચન કરવું. दण्ड्य > दण्ड.

૧૭. સમાસોમાં પદ છૂટાં પાડીને નિર્વચન કરવું. राजपुरुषः = राजन् + पुरुषः ।

આ રીતે જુદા જુદા શબ્દોમાં જુદા જુદા ફેરફારો ધ્યાનમાં રાખીને નિર્વચન કરવું એમ યાસ્ક કહે છે. યાસ્ક કહે છે કે જો વ્યાકરણવિષયક સંસ્કારાદિ બરાબર હોય તો તો પ્રશ્ન જ નથી પણ જો તેમ ન હોય તો ગમે તે વર્ણસામ્યનો ખ્યાલ રાખવો અને સંસ્કાર પર ધ્યાન આપવું નહિ પણ અર્થ પર જ ધ્યાન આપવું. જો વર્ણસામ્ય ન હોય તો ગમે તે રીતે નિર્વચન કરવું, એટલા ખાતર નિર્વચન ન કરવું એમ નહિ, કારણ કે શબ્દોમાં ઘણા ફેરફારો સંભવે છે. અંતે યાસ્ક એક અગત્યની વાત કહે છે. न एकपदानि निर्ब्रूयात् । પ્રકરણાદિ સંદર્ભ વગરના શબ્દોનું નિર્વચન આપવું નહિ, કારણ કે જુદા જુદા સંદર્ભમાં શબ્દના જુદા જુદા અર્થો થઈ શકે છે. આ બધા પરથી એમ લાગે છે કે અર્થને ધ્યાનમાં રાખીને ગમે તે રીતે ગમે તે શબ્દનું નિર્વચન ગમે તે ધાતુમાંથી સમજાવવું. આથી પણ આપણી એક માન્યતાને પુષ્ટિ મળી શકે કે યાસ્કને માટે નિર્વચન એ વ્યુત્પત્તિ નહિ પણ સમજૂતી જ હતી.

સોક્રેટીસનાં કેટલાંક વાક્યો શ્રી સ્વરૂપે ટાંક્યાં છે તે આની સાથે સરખાવવા જેવાં છે.

૧. "Yes my dear friend; but then you know that the original names have been long ago buried and disguised by people sticking on and stripping off letters for the sake of euphony, and twisting and bedizening them in all sorts of ways......and the additions are often such that at last no human being can possibly make out the original meaning of the word."

૨. "Now attend to me; and first, remember that we often put in and out letters in words and give names as we please and change the accents."

૩. "And whether the syllables of the name are the same or not the same, makes no difference, provided the meaning is retained; nor does the addition or subtraction of a letter make any difference so long as the essence of the thing remains in possession of the name and appears in it."

આ ઉપરાંત શ્રી સ્વરૂપ બીજાં પણ બે વાકયો ટાંકે છે, જે રસપ્રદ હોવાથી અહીં ઉતાર્યાં છે.

૧. "Etymology is a science in which vowels count for nothing and consonents for very little."—Voltaire.

૨. "A sound etymology has nothing to do with sound."
—Max Müller.

વેદાર્થવિષયક વિચારો:

યાસ્ક કહે છે કે નિરુક્ત વેદમંત્રોનો અર્થ જાણવા માટે ઉપયોગી છે. કૌત્સ નામના એક વિદ્વાન માને છે કે વેદમંત્રોનો અર્થ જ થતો નથી અને તેથી આખું શાસ્ત્ર નિરર્થક છે. કૌત્સની દલીલો નીચે પ્રમાણે છે:

૧. વેદમંત્રોમાં શબ્દો તેમજ તેમનો ક્રમ નિયત હોય છે. અમુક શબ્દોને બદલે તેનો પર્યાય વાપરી શકાય નહિ. '**अग्न आ याहि वीतये**'ને બદલે '**विभावसो आगच्छ पानाय**' એમ ન કહી શકાય; તેજ રીતે શબ્દોનો ક્રમ ફેરવીને '**आ याहि अग्ने**' એમ પણ ન કહેવાય. જો મન્ત્રોનો અર્થ થઇ શકતો હોય તો પર્યાય મૂકવાથી કે ક્રમ ફેરવવાથી અર્થ બદલાય નહિ એટલે એમાં કાંઈ વાંધો ન લેવો જોઇએ.

૨. બ્રાહ્મણ ગ્રન્થોમાં રૂપસંપત્તિનું વિધાન કરવામાં આવે છે. **उरु प्रथस्व इति प्रथयति।** હવે જો '**उरु प्रथस्व**'થી જ અર્થ સમજાતો હોય તો '**प्रथयति**'ની જરૂર જ નથી.

૩. ઘણી વખત મન્ત્રાર્થ અનુપપન્ન હોય છે, '**स्वधिते मैनं हिंसीः।**' હવે કુહાડી વડે જાતે જ હિંસા કરે છે, તો 'તું હિંસા ન કર' એમ કુહાડીને કહેવાનો શો અર્થ?

૪. ઘણા મન્ત્રો પરસ્પર વિરોધી અર્થવાળા હોય છે. '**एक एव रुद्रोऽवतस्थे न द्वितीयः।** પ્રમાણે રુદ્ર એક છે. બીજા એક મન્ત્ર **असंख्याता सहस्राणि ये रुद्रा अधि भूम्याम्।** પ્રમાણે રુદ્રો અસંખ્ય છે.

૫. શું કરવાનું તે જાણતા હોવા છતાં અધ્વર્યુ હોતાને સમજાવે છે, જેમકે **अग्नये समिध्यमानाय अनुब्रूहि।** જો મન્ત્રોનો અર્થ થતો હોય તો આવું સંપ્રેષણ આવશ્યક નથી.

૬. કેટલીક વખત મન્ત્રોમાં અસંબદ્ધપ્રલાપ જેવું લાગે છે, જેમકે **अदितिः सर्वम्। अदितिर्द्यौरदितिरन्तरिक्षम्।**—જે **द्यौः** હોય તે અન્તરિક્ષ કેવી રીતે બને?

૭. ઘણા શબ્દોના અર્થો સ્પષ્ટ નથી જેમ કે **याद्दश्मिन्**

આના જવાબમાં યાસ્ક કહે છે કે મંત્રો અર્થવાન્ છે કારણ કે જે શબ્દો વ્યવહારમાં વપરાય છે તે જ શબ્દો વેદમાં પણ છે. બ્રાહ્મણ ગ્રંથમાં પણ લખ્યું છે–“**एतद्वै यज्ञस्य समृद्धं यद्रूपसमृद्धं यत्कर्म क्रियमाणमृग्यजुर्वाभिवदति।**” અહીં **ऋग् अभिवदति** એ શબ્દો જ બતાવે છે કે મન્ત્રો અનર્થક નથી. ઉપરની બધી દલીલોનો જવાબ પણ યાસ્ક આપે છે.

૧. શબ્દો અને તેનો ક્રમ નિયત હોય એવું તો વ્યવહારમાં પણ છે, જેમ કે **पितापुत्रौ** એમ જ બોલાય, **पुत्रपितरौ** નહિ.

૨. રૂપસંપત્તિના વિધાનથી આનર્થક્ય સિદ્ધ થતું નથી. મન્ત્રોક્ત અર્થને જ બ્રાહ્મણોમાં વિસ્તારથી કહેવામાં આવે છે.

૩. ‘**स्वधिते मैनं हिंसीः**’ માં તો વેદવચનથી અહિંસા જ છે.

૪. વ્યવહારમાં પણ એવાં વાક્યો આવે છે જે વિરુદ્ધ અર્થવાળાં હોય; જેમ કે– ‘**अनमित्रो राजा।**’ અને રાજા અમિત્ર વગરનો તો હોય જ નહિ.

૫. વ્યવહારમાં પણ જાણવા છતાં કહેવામાં આવે છે—‘**देवदत्तोऽहमभिवादये।**’ અહીં ગુરુ જાણતા હોય છે કે અભિવાદક દેવદત્ત છે, છતાં નામ બોલવામાં આવે છે.

૬. વ્યવહારમાં પણ એવાં વાક્યો આવે છે જેમકે—**सर्वे रसा अनुप्राप्ताः पानीयम्।**

૭. શબ્દોનો અર્થ ન સમજાય તે કાંઈ શબ્દોનો વાંક નથી. યાસ્ક કહે છે તેમ— **नैष स्थाणोरपराधो यदेनमन्धो न पश्यति पुरुषापराधः स भवति।**

આમ આખી ચર્ચા રસપ્રદ છે. અહીં વિચારવા જેવું તો એ છે કે યાસ્કના કાળમાં પણ વેદાર્થવિરોધી (એને વેદવિરોધી કહેવો યોગ્ય નથી) અભિપ્રાય પ્રચલિત હતો.

સાતમા અધ્યાયના આરંભમાં યાસ્ક ઋચાઓનું બે રીતે પૃથક્કરણ કરે છે, પ્રથમ તો ઋચાઓ ત્રણ પ્રકારની હોય–પરોક્ષકૃત, પ્રત્યક્ષકૃત અને આધ્યાત્મિકી. સામાન્ય રીતે ગમે તે નામ કે વિભક્તિ હોય અને ક્રિયાપદમાં ત્રીજો પુરુષ વાપરવામાં આવે તે પરોક્ષકૃત; જે મંત્રોમાં બીજો પુરુષ વાપરવામાં આવે તથા **युष्मद्** સર્વનામ આવે તે પ્રત્યક્ષકૃત; અને જેમાં **अस्मद्** સર્વનામ સાથે ક્રિયાપદનો પહેલો પુરુષ વપરાય તે આધ્યાત્મિકી. આમ જેમાં ઋષિ દેવો વિશે કહેતા હોય તે પરોક્ષકૃત, જેમાં દેવોને સંબોધવામાં આવે તે પ્રત્યક્ષકૃત અને ઋષિ પોતાને અનુલક્ષીને કાંઈક કહે તે આધ્યાત્મિકી ઋચાઓ કહેવાય.

વિષયની દૃષ્ટિએ પણ ઋચાઓનું વિભાજન યાસ્કે કર્યું છે. ઋચાઓમાં સ્તુતિ, આશીર્વાદ શુભ કામના, શપથ, શાપ, કાંઈક કહેવાની ઈચ્છા, પારદેવના, નિન્દા કે પ્રશંસા હોઈ શકે. આમ જુદા જુદા અભિપ્રાયોથી ઋષિઓ મન્ત્રદર્શન કરે છે. યાસ્કે જાતે આ બધાંના ઉદાહરણો આપ્યાં છે, જે જિજ્ઞાસુઓએ નિરુક્તના સાતમા અધ્યાયમાં જોવાં.

જે મન્ત્રોમાં દેવતાનો નિર્દેશ કરવામાં ન આવ્યો હોય તેવા મન્ત્રોના દેવતા તરીકે કોને સમજવા? જે યજ્ઞ કે યજ્ઞના ભાગમાં એ મન્ત્ર વપરાય તે યજ્ઞ કે યજ્ઞનો ભાગ જે દેવતાને ઉદ્દેશીને હોય તે દેવતા તે મન્ત્રના સમજવા, પણ જો મન્ત્રોનો યજ્ઞમાં ઉપયોગ ન થતો હોય તો યાજ્ઞિકોને મતે તે મન્ત્રો પ્રજાપતિના માનવા અને નૈરુક્તોને મતે નરાશંસના માનવા. અથવા તો ગમે તે દેવતાની કલ્પના કરવી; દેવતાઓનો સમૂહ પણ કલ્પી શકાય; કારણ કે વ્યવહારમાં દેવો, અતિથિઓ, અને પિતૃઓને સામાન્ય રીતે અર્પણ કરવાનો રિવાજ છે. યજ્ઞના દેવતા તે જ મન્ત્રના દેવતા એમ માનવામાં પણ એક મુશ્કેલી છે કે ઘણી વખત અશ્વથી ઔષધિ સુધીના પદાર્થોની પણ દેવતાઓ તરીકે સ્તુતિ કરવામાં આવે છે; અને આપણે એમ ન માનવું જોઈએ કે આ બધા પદાર્થો આગન્તુક અર્થાત્ અનિત્ય છે; કારણ કે એ બધા દેવતાઓનાં ઉપકરણો છે. ખરી રીતે તો એક જ આત્માની જુદી જુદી રીતે સ્તુતિ કરવામાં આવે છે. બધા જ દેવતાઓ એક જ આત્માનાં અંગો છે. આ રીતે બધે એક જ આત્માનું સ્તવન થાય છે એમ કહી શકાય. આ આખી જ ચર્ચામાં આપણે જોઈ શકીએ કે યાસ્ક પોતે ચોક્કસ એક મતને અનુસરતા નથી પણ જુદા જુદા મતો આપે છે.

દેવોની સંખ્યા અંગે પણ સાતમા અધ્યાયમાં ચર્ચા કરી છે. નૈરુક્તોની માન્યતા પ્રમાણે માત્ર ત્રણ જ દેવતાઓ છે; પૃથ્વી પર અગ્નિ, અન્તરિક્ષમાં વાયુ અથવા ઇન્દ્ર અને સ્વર્ગમાં સૂર્ય. તેમનાં જ જુદાં જુદાં નામોને લીધે જુદા જુદા દેવતાઓ માનવામાં આવે છે. જેવી રીતે એક બ્રાહ્મણ જુદાં જુદાં કામ અનુસાર હોતા, અધ્વર્યુ, બ્રહ્મા અને ઉદ્ગાતા કહેવાય તેવી રીતે અહીં પણ દેવો ત્રણ જ હોવા છતાં જુદાં જુદાં કર્મો અનુસાર જુદાં જુદાં નામો દ્વારા ઓળખાય છે. એમ પણ કહી શકાય કે દેવો જુદા જ છે અને તેથી એમનાં નામો પણ જુદાં છે. ઉપર જે જુદાં જુદાં કર્મોની દલીલ કરવામાં આવી છે તે તો જુદા જુદા દેવતાઓ પણ વહેંચીને કામ કરી શકે. અંતે યાસ્ક કહે છે કે એને नरराष्ट्रની માફક સમજી શકાય. 'માણસો'ની દૃષ્ટિએ નાનાત્વ અને 'રાષ્ટ્ર'ની દૃષ્ટિએ એકત્વ જેમ સમજી શકાય તેમ દેવોને કર્મની દૃષ્ટિએ જુદા અને સ્થાનની દૃષ્ટિએ એક જ (=ત્રણ જ) માની શકાય.

દેવતાઓને આકાર હોય છે કે નહિ? એ અંગે બે મતો છે. એક મત પ્રમાણે દેવો પુરુષવિધ છે. તેની દલીલો આ પ્રમાણે છે:

૧. દેવતાઓ ચૈતન્યયુક્ત હોય એવી રીતે સ્તુતિ કરવામાં આવે છે, અને એમનાં નામો પણ એવાં જ છે.

૨. પુરુષનાં અંગોની માફક એમનાં અંગોની સ્તુતિ કરવામાં આવે છે.

૩. પુરુષની માફક જ એમની વસ્તુઓ કહેવામાં આવે છે.

૪. પુરુષના જેવાં જ એમનાં કર્મો છે.

બીજા મત પ્રમાણે દેવતાઓ પુરુષવિધ નથી. અગ્નિ, વાયુ, સૂર્ય, પૃથ્વી, ચંદ્ર વગેરે જે પ્રાકૃતિક સ્વરૂપો દેખાય છે તે બધાં પુરુષવિધ નથી, આથી દેવોને માટે પણ માનવાકાર કલ્પી શકાય નહિ. ઉપરની દલીલોનો જવાબ પણ આ પ્રમાણે આપવામાં આવે છે:

૧. પાસા, વનસ્પતિ જેવી અચેતન વસ્તુઓની પણ ચેતનની માફક જ સ્તુતિ કરવામાં આવે છે.

૨. સોમ વાટવાના પથ્થર જેવી અચેતન વસ્તુઓનાં પણ અંગો કહેવાયાં છે.

૩. દ્રવ્યસંયોગ પણ અચેતનનો ચેતન જેવો જ કહ્યો છે.

૪. કર્મ અંગે પણ એમ કહી શકાય કે સોમગ્રાવા જેવી અચેતન વસ્તુઓમાં કર્મો કહેવામાં આવે છે.

અન્તે યાસ્ક કહે છે કે દેવતાઓ પુરુષવિધ અને અપુરુષવિધ એમ બન્ને હોઈ શકે. જેવી રીતે પુરુષ યજમાનનો યજ્ઞ એ કર્માત્મા છે તેવી રીતે બધી પ્રાકૃતિક ઘટનાઓ પુરુષવિધ દેવતાઓના કર્માત્મા છે એમ કહી શકાય.

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 40642
Date 1.8.72